Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧

આત્મ સંવત : ૧૦૬

વીર સંવત : ૨૫૨૯

વિક્રમ સંવત : ૨૦૫૯

પુસ્તક : ૧૦૦


અંકો : [illegible] ૨૦૦૨ થી [illegible]વી. ૨૦૦૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-3 * Issue-2

DECEMBER-2002

માગશર

ડિસેમ્બર-૨૦૦૨

આત્મ સંવત : ૧૦૭

વીર સંવત : ૨૫૨૯

વિક્રમ સંવત : ૨૦૫૯

પુસ્તક : ૧૦૦

परत्र पुण्योत्कर्षेण सदा सुखपरम्परा ।
इत्थं श्रेयस्करीं नूनं सम्यक् संयमसाधना ॥

*

અને પરલોકમાં પુણ્યના ઉત્કર્ષના પરિણામે સુખની પરંપરા અખંડરૂપે વહેતી રહે છે. આમ વિવેકપૂત સંયમસાધના અહીં તેમ જ પરલોકમાં કલ્યાણકારી છે એમાં કોઈ શક નથી. ૭

*

And in the next world there is a perpetual series of hapiness to one of self-command owing to one's elevation of merit. thus the good observance of self-restraint is, no doubt, auspicious (here and here-after). 7.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૩ : ગાથા-૭, પૃષ્ઠ-૪૩)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જૈન શ્રાવક | રચયિતા : બુદ્ધિસાગરસૂરિજી મ.સા. | ૧ |
| (૨) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | પ્રમોદકાંત ખીમચંદ શાહ | ૨ |
| (૩) | સમયના ભાર હેઠળ કચડાઈ રહેલો માણસ | મહેન્દ્રભાઈ પુનાતર | ૪ |
| (૪) | અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૫) | કાંતિલાલ દીપચંદ શાહ | ૮ |
| (૫) | નાતાલનો મર્મ : શિક્ષા કરતાં ક્ષમા મહાન છે | લક્ષ્મીચંદભાઈ છ. સંઘવી | ૧૨ |
| (૬) | વ્યક્તિ વિશેષ : શ્રી રાયચંદ મગનલાલ શાહ | ડૉ. કવિન શાહ | ૧૪ |
| (૭) | મળે છે દેહ માટીમાં....પણ માનવીનાં.... | ગણિ રાજરત્નવિજય | ૧૭ |
| (૮) | જીવન-સાર્થક્યનો સરળ ઉપાય | આ.શ્રી વિજયવલ્લભસૂરિજી મ.સા. | ૧૯ |
| (૯) | શ્રી જૈન તાલધ્વજ જૈન તીર્થક્ષેત્ર..... | જયપ્રકાશ દોશી—બી કે. રાવળ | ૨૨ |


પરમાત્માની...
ગુરુની...
ધર્મની...
મા-બાપની...
આજ્ઞા માનવાનો
ઈન્કાર કરી બેઠેલો આજનો યુવક
હેરોઇનની...
બ્રાઉન સ્યુગરની...
તમાકુની
જે રીતે આજ્ઞા માની રહ્યો છે
એ જોતા એની દયનીય દશા
પર રડવું આવ્યા વિના રહેતું નથી...
બિચારો!
વ્યસનની આજ્ઞામાં! વિનાશની ગર્તમાં!

### કેવા વિચિત્ર

ધોરણો બાંધીને બેઠું છે મન!
બીજાના
મુખમાંથી નીકળતા જે શબ્દો
મનને દુર્વચનરૂપ લાગે છે
એ જ શબ્દો
પ્રિય વ્યક્તિના મુખમાંથી
નીકળ્યા હોય તો
એ મશ્કરી રૂપ લાગે છે.
કોમ્પ્યુટરોનો તાગ
મેળવવો સહેલો છે
પણ મનનો તાગ મેળવવો
એ મહાભારતના યુદ્ધમાં વિજય
મેળવવા કરતાં ય કઠિન છે.

*-આ. શ્રી વિજયરત્નસુંદરજી મ. સા.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર
**શ્રી જૈન આત્માનંદ સભા**
ભાવનગરનું મુખપત્ર
**શ્રી આત્માનંદ પ્રકાશ**
તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ
ફોન : ઓ. ૨૫૧૬૯૦૭ ઘર : ૨૫૬૩૬૪૫
**: માલિક તથા પ્રકાશન સ્થળ :**
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,
ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦
વાર્ષિક લવાજમ પ્રથા બંધ છે.

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**
ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦
અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :
શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**
(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ–પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત–ઉપપ્રમુખ
(૩) જશવંતરાય સી. ગાંધી–ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કે. મહેતા–મંત્રી
(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા–મંત્રી
(૬) ચીમનલાલ વર્ધમાન શાહ–મંત્રી
(૭) હસમુખરાય જે. હારીજવાળા–ખજાનચી

## ❀ જૈન શ્રાવક ❀

*(રચયિતા : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા.)*

શ્રાવણ ગુણ ધારે નહીં, લજવે શ્રાવક નામ;
સાચું જો બોલે નહીં, રહે ન શ્રાવક નામ. ૧

શ્રાવક નામ ધરાવીને, કરે ન સારાં કામ;
સાધુની નિન્દા કરે, જૂઠું શ્રાવક નામ. ૨

ગાંઠે નહિ ગુરૂને કદિ, જૂઠા સોગંદ ખાય;
લૂલી વશ રાખે નહીં, સ્વાર્થ વિષે મલકાય. ૩

જૂઠી સાક્ષીઓ ભરે, દેખે ગુરૂના દોષ;
નિજ દોષો દેખે નહીં, રાખે ગુરૂથી રોષ. ૪

શ્રાવક સાચો તે નહીં, દેવ દ્રવ્યને ખાય;
નામ ધરાવી જૈનનું, ગુરૂ પાસ ના જાય. ૫

દેવગુરૂને ઓળવે, ફરે બોલીને બોલ;
નાસ્તિક મતિ શ્રાવક નહીં, સડેલ ફૂટ નિટોલ. ૬

કરે ન પોતે ધર્મ કંઈ, વાતોમાં હુશિયાર;
પોતાનામાં પોલ બહુ, દેખે નહીં તલભાર. ૭

શિખ દેવા સાધુ પ્રતિ, મનમાં રાખે હામ;
સડેલ શ્રાવક જાણવો, ઠરે ન ક્યારે ઠામ. ૮

લેખ લખે ભાષણ કરે, થાવા આગેવાન;
કપટકળાને કેળવે, જૂઠો શ્રાવક જાણ. ૯

જૂઠા પક્ષ લડાવતો, જૂઠ વદી દિન રાત;
પેટ ભરે અનીતિથકી, શ્રાવક જૂઠ તે વાત. ૧૦

ગુરૂ શ્રદ્ધા ભક્તિ નહીં, લઘુતા ધરે ન અંગ;
સાચો શ્રાવક તે નહીં, કરે ન સાધુ સંગ. ૧૧

કરે કદાગ્રહ કારમા, માને નહીં ગુરૂ આણ;
સ્વાર્થે ગુરૂ સામો થતો, દુષ્ટ તે શ્રાવક જાણ. ૧૨

રહેણીમાં નિશ્ચય નહીં, કહેણીમાં વાયેલ;
શ્રાવક નહીં તે જાણવા, ચિત્ત રહે ભટકેલ. ૧૩

વિશ્વાસી ઘાતક બની, લેવે પરના પ્રાણ;
શ્રાવક એવા તેહનું, થાય નહીં કલ્યાણ. ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

—*પ્રમોદકાંત ખીમચંદ શાહ*

''શ્રી આત્માનંદ પ્રકાશ'' માસિક ૯૯ વર્ષ પુરા કરી ૧૦૦માં વર્ષમાં પ્રવેશ કરે છે તથા શ્રી જૈન આત્માનંદ સભા એકસો છ વર્ષ પુરા કરી એકસો સાતમાં વર્ષમાં પ્રવેશ કરે છે, જે આપણા સૌના માટે આનંદ અને ગૌરવની વાત છે.

''શ્રી આત્માનંદ પ્રકાશ'' આત્મજ્ઞાનની સુગંધ ફેલાવતું અને સદ્‌વિચાર અર્થે જ્ઞાન પ્રગટાવતું આ માસિક સારી પ્રગતિ કરી રહ્યું છે.

અમે આ માસિકમાં વિદ્વાન પૂ. ગુરૂ ભગવંતોના લેખો, જૈનધર્મના તત્વજ્ઞાનના લેખો, વિદ્વાન લેખક-લેખિકાઓ તેમ જ પ્રાધ્યાપકો તરફથી આવેલા લેખો, સ્તવનો, પ્રાર્થના ગીતો, જૈન સાહિત્ય અને ઈતિહાસના લેખો, વ્યક્તિ ભાવના લેખો તથા ભાવનગરમાં ચાતુર્માસ પધારેલા પ. પૂ. ગુરુ-ભગવંતોની શુભ નિશ્રામાં ઉજવાયેલ ધાર્મિક અનુષ્ઠાનો-આરાધનાઓ-ધાર્મિક મહોત્સવો વિગેરે માહિતી સમયાનુસાર પ્રગટ કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ તરફ જરા એક નજર કરીએ.

શ્રી જૈન આત્માનંદ સભા સાહિત્ય તેમ જ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના પ્રકાશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આગમ સંશોધક પ. પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે ચાલીસ વર્ષ અથાગ પરિશ્રમ ઉઠાવીને સંશોધન કરેલ અને સંપાદિત કરેલ ''શ્રી દ્વાદ્‌શારં નયચક્રમ''ના ત્રણ ભાગોનું આપણી સંસ્થાએ પ્રકાશન કરેલ છે, જેની દેશ-પરદેશ જેવા કે જાપાન, જર્મની, ઓસ્ટ્રીયા, અમેરિકા વિગેરે દેશોમાં સારી માંગ છે. તેના પહેલા ભાગનું (પુનઃમુદ્રણ) પણ સંવત ૨૦૫૪ની સાલમાં કરવામાં આવેલું હતું. પ. પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે સંપાદિત કરેલ ''ઠાણાંગ સૂત્ર''નું પણ ચાલુ સાલમાં પ્રકાશન કરવામાં આવશે.

આપણી સભાએ સભાના સ્થાપનાના ૧૦૧માં વર્ષમાં પ્રવેશ વખતે પ. પૂ. આચાર્ય-દેવશ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી 'શ્રી તીર્થંકર ચરિત્ર' (સચિત્ર) નું પ્રકાશન કરેલ છે.

સંવત ૨૦૫૮ના વર્ષમાં પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી ''શ્રી બૃહત્‌ કલ્પસૂત્રમ્'' સંસ્કૃત ભાષામાં ભાગ ૧ થી ૬ નું પ્રકાશન કરવામાં આવેલ છે. જે પ. પૂ. સાધુ મહારાજ સાહેબો, સાધ્વીશ્રી મહારાજો તથા ઉપાશ્રયોને વિના મૂલ્યે આપવામાં આવે છે. (જેના છ ભાગની કિંમત રૂા. ૧૨૫૦/- થાય છે). સભાએ આજ સુધીમાં સંસ્કૃત, પ્રાકૃત તથા ગુજરાતી એવા ૨૫૦ ગ્રંથોનું પ્રકાશન કરેલ છે.

આ સભા પોતાની માલિકીના વિશાળ મકાનમાં જાહેર ફ્રી વાંચનાલય ચલાવે છે, જેમાં સ્થાનિક ભાવનગર, રાજકોટ, અમદાવાદ તેમ જ મુંબઈના દૈનિક વર્તમાન પત્રો વ્યાપારને લગતા અઠવાડિકો તથા જૈન ધર્મના બહાર પડતા વિવિધ અઠવાડિકો, માસિકો વાંચન અર્થે મુકવામાં આવે છે. જેનો જૈન-જૈનેતર ભાઈઓ બહોળા પ્રમાણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાભ લઈ રહ્યા છે.

**ધાર્મિક પ્રવૃત્તિઓ :** સંવત ૨૦૫૮માં તા. ૧૩-૧-૨૦૦૨ને રવિવારના રોજ ઘોઘા, પાર્શ્વભક્તિધામ, તણસા, દિહોર, ટાણા, વરલ, શેત્રુંજીડેમ, પાલીતાણા-તળેટીનો એક દિવસીય યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સભાના સભ્યશ્રી ભાઈઓ-બહેનો-ડોનરશ્રીઓ તથા મહેમાનો સારી એવી સંખ્યામાં જોડાયા હતા. યાત્રામાં ગુરૂભક્તિ તથા સ્વામિભક્તિ કરવામાં આવી હતી. તેમ જ યાત્રા પ્રવાસ-પંચતીર્થી અનેરા ભક્તિભાવપૂર્વક અને ઉલ્લાસ સહ કરવામાં આવ્યો હતો.

**અન્ય પ્રવૃત્તિઓ :** સંવત ૨૦૫૮ના કારતક સુદ પાંચમના રોજ સભાનાં વિશાળ લાઈબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી કરવામાં આવી હતી. સવારના છ વાગ્યાથી રાત્રિના નવ વાગ્યા દરમ્યાન અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો સકળ શ્રીસંઘના શ્રાવક-શ્રાવિકા ભાઈ-બહેનો તથા નાના-નાના બાલક-બાલિકાઓએ હોંશપૂર્વક જ્ઞાનની ગોઠવણી નિહાળવા, દર્શન-વંદન અને જ્ઞાન પૂજનનો અમૂલ્ય લ્હાવો લીધો હતો.

સંવત ૨૦૫૮માં એક પેટ્રન તથા ચાર આજીવન સભ્યો થયા છે.

આ સભાની પ્રગતિમાં પ. પૂ. ગુરુભગવંતો, પ. પૂ. સાધ્વીજી મહારાજો, વિદ્વાન લેખક-લેખિકાઓ, પેટ્રનશ્રીઓ તથા આજીવન સભ્યશ્રીઓ વિગેરેએ જે સાથ-સહકાર આપેલ છે તે સર્વેનો ખૂબ જ આભાર માનવામાં આવે છે.

આપ સર્વેનું જીવન આનંદ અને ઉલ્લાસપૂર્વક વૃદ્ધિવંત બનો તેવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના અને શુભેચ્છાઓ સહ નૂતન વર્ષાભિનંદન.

## કેવળ મંત્ર બોલવાથી બી. પી. ઓછું થાય ?

ડ્યુક યુનિવર્સિટી (યુ.એસ.એ.)ના સંશોધકોએ ૫૦૦ વ્યક્તિઓ પર કરેલા પ્રયોગ અનુસાર ધાર્મિક વલણ ધરાવતી વ્યક્તિઓને સ્ટ્રેસ અને ચિંતા ઓછી રહે છે. રોજીંદા જીવનમાં અનેક બાબતો એવી થતી હોય છે કે વ્યક્તિને ના ગમતી હોય આવી બાબતોથી સ્ટ્રેસ (તનાવ) વધે. ન ગમતી બાબતો માટે કશું જ કરી શકતા ના હોય ત્યારે એક પ્રકારની અસહાયતાની લાગણી થાય. જેનાથી સ્ટ્રેસ સાથે ચિંતા વધે જેનાથી બી. પી. વધે. હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર બેન્સને લખેલા પુસ્તક 'રીલેક્ષેશન રીસ્પોન્સ'માં આપેલ સૂચના પ્રમાણે ધાર્મિક વલણ ધરાવતા લોકો જ્યારે પ્રાર્થના કરે અને તે વખતે ફક્ત ઇષ્ટદેવનું સ્મરણ મંત્ર બોલીને કરે ત્યારે તેમનું મન ટેવ પડવાથી, તનાવ ઉત્પન્ન કરનારા વિચારોને બદલે મંત્રના સુંદર, સંગીતમય શબ્દોમાં પરોવાયેલું રહે છે જેથી થોડા સમય પછી મન અદ્ભુત રીતે શાંત થઈ જાય છે. માનસિક તનાવ ઓછો થાય છે. ચિંતા ગાયબ થઈ જાય છે અને આ બધાની અસરથી બી. પી. ઓછું થાય છે. ડૉ. બેન્સને મનની શાંત પરિસ્થિતિને ''રીલેક્ષેશન રીસ્પોન્સ'' નામ આપ્યું છે. જેનાથી ફક્ત બી. પી. નહીં પણ માઈગ્રેન, સોરાએસીસ, કેન્સર અને કોઈપણ કારણથી થએલા, દવા કરતા છતાં ફાયદો ના થાય તેવા હઠીલા દુખાવામાં પણ ફાયદો થાય છે. આ રીલેક્ષેશન રીસ્પોન્સને લીધે શરીરમાં ''નાઈટ્રીક ઓક્સાઈડ'' નામનો કેમીકલ પદાર્થ નીકળે છે જેને લીધે વ્યક્તિની ઇમ્યુનીટી વધે છે તેમજ શરીરના જ્ઞાનતંતુ અને મગજ શાંત થાય છે. કેવળ અંધશ્રદ્ધા રાખીને, બીજાને દેખાડવા માળા ફેરવીને મોટેથી મંત્ર બોલવાની ક્રિયાથી 'રીલેક્ષેશન રીસ્પોન્સ' નહીં આવે. શરીર અને મન પવિત્ર રાખી પવિત્ર અને કુદરતી એકાંતવાળા વાતાવરણમાં બેસીને પ્રાર્થના કરવાથી જ લાંબેગાળે દરેક બાબતમાં ફાયદો થશે એમ ડૉ. બેન્સન ભાર દઈને ઉમેરે છે.

*હેલ્થ ટિટબિટ્સ ગુજરાત સમાચાર તા. ૨૯-૧૧-૨૦૦૨માંથી સાભાર*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમયના ભાર હેઠળ કચડાઈ રહેલો માણસ

—મહેન્દ્રભાઈ પુનાતર

આપણું જાવન ઘડિયાળનાં કાંટા પર ચાલી રહ્યું છે. એક રીતે કહીએ તો સમય ચલાવે તેમ ચાલીએ છીએ અને સમય નચાવે તેમ નાચીયે છીએ. સમયને સાચવતા આપણને આવડતું નથી એટલે સમય આપણને હાથતાળી આપી રહ્યો છે. સમયના ભાર તળે આપણે દબાઈ રહ્યા છીએ. સમય ઝડપથી ચાલી રહ્યો છે અને આપણે તેની સાથે તાલ મિલાવી શકતા નથી.

કોઈ આપણને અચાનક મળી જાય અને પૂછે કે હમણાં કેમ દેખાતા નથી? આપણી પાસે જવાબ તૈયાર છે સમય ક્યાં છે? ફુરસદ મળતી નથી. 'હમણાં બિલકુલ સમય નથી' એમ કહીને આપણે ઘણી વાતોને ટાળી દઈએ છીએ. એ સાચું છે કે મુંબઈ જેવા શહેરમાં નોકરી ધંધે અને જવા આવવામાં પુષ્કળ સમય વ્યતિત થઈ જાય છે એટલે બીજા કાર્યો માટે પૂરતો સમય કાઢી શકાતો નથી. કેટલાક જરૂરી કામોને બાદ કરતા સમય કાઢવાનું મુશ્કેલ બનતું હોવાનું જણાય છે. પરંતુ હકીકતમાં આપણે વિચારીએ કે ખરેખર આપણી પાસે સમય નથી? આપણે કેટલો સમય ઉંઘવામાં, ખાવાપીવામાં, ટોળટપ્પામાં, નાટક-સિનેમા અને ટી.વી. કાર્યક્રમો જોવામાં અને હરવા ફરવામાં ગાળીએ છીએ? એકલા ટીવીના પરદા સામે બેસીને કેટલો સમય બરબાદ કરીએ છીએ તેનો કદી ખ્યાલ કર્યો છે કે? આ સમયની આપણે જો કરકસર કરીએ તો કેટલો સમય બચાવી શકીએ. સવારે વહેલા ઊઠીને અને રાતે થોડા મોડા સૂઈને આ બધા કામો માટે પુષ્કળ સમય બચાવી શકીએ છીએ. આપણી પાસે સમય ઘણો છે પરંતુ સરખુ આયોજન નથી. ઘણા નકામા કામોમાં સમય વ્યતીત કરી નાખીએ છીએ અને ખોટી દોડધામ કરીએ છીએ.

જીવનમાં સૌથી મહત્ત્વની વાત છે શિસ્ત અને નિયમિતતા. આ વગર ધાર્યા કામો થઈ શકે નહીં. આ માટે સમયનો ઉચિત રીતે વધુમાં વધુ ઉપયોગ કરવો જોઈએ. સમયનો જે ઉપયોગ સાચી રીતે ઉપયોગ કરી જાણે છે તે જીવનની બાજી જીતે છે. સમય કોઈના માટે રોકાતો નથી. સમય એટલે બીજા શબ્દોમાં કહીએ તો 'અણમોલ તક' કેટલાક માણસો સમયનો લાભ ઉઠાવી શકતા નથી. તકને ઝડપી લેવા તૈયાર હોતા નથી અને સમય હાથમાંથી સરકી જાય છે.

સમયનું પાલન એ જ માનવીની સફળતાની ચાવી છે. જે માણસ સમયસર કામ કરતો નથી અને સમય જાળવતો નથી તેના કામો કદી પૂરા થતા નથી. તેના પર સતત કામનો બોજો રહે છે અને છેવટે તેના ભારથી તૂટી પડે છે.

જે સમયનું યથાર્થ પાલન કરે છે તેની પાસે સમય ખૂટતો નથી. જે લોકો સમય નથી એવી બૂમરાણ કરે છે તેમની પાસે હકીકતમાં પુષ્કળ સમય હોય છે પરંતુ તેમને સમય કાઢતા આવડતો નથી. કઈ બાબતને પ્રથમ પ્રાધન્ય આપવું તેની સમજ નહીં પડતી હોવાથી માણસ આમતેમ અથડાયા કરે છે. કોઈપણ કામ કરવું હોય તો સમય કાઢવો પડે છે. નાણાંની ઊચત કરતા સમયની બચત વધુ જરૂરી છે.

કેટલીક વખત આળસ અને પ્રબળ ઇચ્છાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સમય ફરી જાય ત્યારે બધું ફરી જાય છે : સમય સાચવી લેવામાં ડહાપણ**

અભાવે કામો જલદીથી થતાં નથી. કેટલાક માણસો છેલ્લી ઘડી સુધી રાહ જુએ છે અને પછી કામ શરૂ કરે છે. જેટલો સમય વધારે મળે તેટલું કામ ધીમી ગતિએ થાય છે. નિરાંતે ફુરસદે થશે, હજુ ઘણો સમય છે એમ વિચારીને માણસ કામને આગળ ઠેલતો રહે છે. આજનું કામ આજે જ પતાવી દેવું એવો નિયમ જે રાખે છે તેમને ખોટી દોડધામ કરવી પડતી નથી અને માથા પર બોજો પણ રહેતો નથી. માણસનું મોટાભાગનું ટેન્શન તેના કામો સમયસર નથી થતા તેનું હોય છે. કેટલાક માણસો હંમેશા બેફિકર રહે છે. ગમે તેટલું કામ પડ્યું હોય પણ તેમના પેટનું પાણી હલતું નથી. કેટલાક માણસો વિચારે છે ઠીક છે કામ ન થયું તો શું તેને માટે મરી જવાય છે? એમાં શું ખાટુંમોળું થઈ જવાનું હતું. જવા દો, આ આપણું કામ નહીં, આવી ખોટી ઝંઝટ આપણને નહીં જોઈએ. કેટલાક માણસો અડધે રસ્તેથી અટકી જાય છે. કોઈ કામ એવું નથી જે આપણે કરવા ધારીએ તો ન કરી શકીએ પરંતુ આ માટે ઈચ્છા અને કામ કરવાની ધગશ હોવી જોઈએ. હકીકતમાં કોઈપણ કામ આનંદથી કરીએ તો કંટાળો આવે નહીં અને બોજ બને નહીં. દરેક કાર્ય નાનું હોય કે મોટું તે ચીવટથી કરવું જોઈએ અને તેમાં રસ કેળવવાની અને આનંદ માણવાની ભાવના હોવી જોઈએ. કામ કરવાનો પણ આનંદ હોય છે એ વાત આપણે બિલકુલ ભૂલી ગયા છીએ. મોટાભાગના કામો નિરસ રીતે ભાર વેંઢારતા હોઈએ તેવી રીતે થતા હોય છે. કોઈ કામ મુશ્કેલ જણાય તો આપણે હાથમાં લેતા અચકાઈએ છીએ. આ કામ આપણાથી થાય નહીં એવું પહેલેથી જ માની બેસીએ છીએ. પરિશ્રમ વગર સિદ્ધિ મળે નહીં. માણસ પોતાનો સમય ક્યાં અને કેવી રીતે વાપરે છે તેના પરથી તે કેવું જીવન જીવે છે તેનો ખ્યાલ આવે છે. સમયની બચત એ જીવનની બચત છે.

કેટલીક વખત બીજાના કારણે પણ આપણો સમય બગડતો હોય છે. કેટલાક કામો અને કેટલીક બાબતો બીજા પર નિર્ભર હોય છે. કોઈની મુલાકાત મોડી મળે, કોઈ સમયસર આવે નહીં, નિર્ધારીત મુલાકાત કોઈ કારણોસર મુલતવી રહે, ટ્રેન ટેક્ષી બસ કે વિમાન મોડું પડે, કોઈ કામ ધાર્યા પ્રમાણે થાય નહીં તેમાં ઘણો સમય બગડે છે પરંતુ આ અનિવાર્ય છે. કારણ કે આમાં આપણે કશું કરી શકતા નથી પરંતુ જયાં આપણા હાથની વાત છે ત્યાં આપણે સમય બચાવી શકીએ છીએ. આપણે મોડા ન પડીએ, સમયસર કામ પતાવી દઈએ, કોઈનું કામ લટકાવીએ નહીં, કોઈને ધક્કો ન ખવડાવીએ અને નિયમિત અને ચોક્કસ રહીએ તો આપણે આપણો સમય તો બચાવી શકીશું પરંતુ સાથેસાથે સામા માણસનો સમય વેડફાતો અટકાવી શકીશું.

આપણને સમય નથી મળતો તેનું બીજું એક કારણ એ છે કે આપણે અનિર્ણયતાના કેદી છીએ. આપણે કોઈપણ કામમાં જલ્દીથી નિર્ણય લઈ શકતા નથી એટલે કામ ભેગું થતું રહે છે. અને પછી બોજ બની જાય છે. ટેલીફોન પર લાંબી નિરર્થક વાતો, મિટિંગોમાં બિનજરૂરી ચર્ચા-વિચારણા, કામની વાત કરતા પહેલાં લાંબી પ્રસ્તાવના વગેરેમાં પણ ઘણો સમય બરબાદ થાય છે. લગ્ન, સગપણ અને બીજા સામાજિક સમારંભો સમયસર શરૂ થાય અને સમયસર પૂરા થાય તો પણ લોકોનો ઘણો સમય બચી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




જીવનમાં એક વાત જરૂર યાદ રાખવી જોઈએ કે સમય બળવાન છે મનુષ્ય નહીં. માણસ તો એનો એ જ હોય છે પરંતુ સમય ફરી જાય છે ત્યારે એ નબળામાંથી સબળો બની જાય છે. સમય અને સંજોગો બદલાય છે ત્યારે બધુ બદલાઈ જાય છે. સમય નિર્ણાયક છે. તે રંકને રાજા અને રાજાને રંક બનાવી નાખે છે. સમય કોઈને છોડતો નથી.

આમ છતાં સમયને બચાવીને આપણે યંત્રવત બની જવાનું નથી. કુટુંબ, મિત્રો સ્નેહીઓ સાથે આનંદમાં વીતેલો સમય એળે જતો નથી. ભલા સારા કાર્યો અને સાત્વિક વાંચન, મનમાં ગાળેલો સમય નિરર્થક જતો નથી. દુઃખી અને દર્દીઓના આંસુ લૂછવામાં વિતાવેલો સમય નકામો જતો નથી. પ્રભુ ભક્તિમાં, સંતોના સાનિધ્યમાં, મા-બાપની સેવામાં, સંતોની કાળજીમાં, પ્રાણી માત્ર પ્રત્યેની દયા અને કરૂણામાં વિતાવેલી પળો વ્યર્થ જતી નથી.

આ જીવનનો આનંદ છે. જીવનની મસ્તી છે. જે સમય આનંદમાં વીતે છે તે આપણો છે બાકીનો બધો નકામો. કોઈની પાસે સમય નથી. સમય કાઢવો પડે છે. સમય સાચવવો પડે છે. સમય એ કિંમતી મૂડી છે. સમય પાછો આવતો નથી, કોઈની રાહ જોતો નથી. સમય સમયનું કામ કરે છે. સમય આપણું પતન કરે એ પહેલાં સમયનું જતન કરીએ અને સમયને સાચવી લઈએ એમાં આપણી ધન્યતા છે.

*મુંબઈ સમાચાર તા. ૧૭-૬-૦૧ની ઈન્દ્રધનુષ્ય પૂર્તિના જિનદર્શન વિભાગમાંથી સાભાર*




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
**"શ્રી આત્માનંદ પ્રકાશ"**
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્રોધ

- ક્રોધ સામે ક્રોધ એ પ્રતિક્રિયા છે પણ ક્રોધ સામે પ્રેમ એ ક્રાંતિ છે.
- ક્રોધ સમુદ્ર જેવો બેહરો છે અને ક્રોધ આગ જેવો ઉતાવળો છે.
- અલ્પકાળનો ક્રોધ દીર્ઘકાળની પ્રસન્નતા ને ખતમ કરી નાંખે છે.
- ક્રોધ એ બળની નહીં પરંતુ નિર્બળતાની નિશાની છે.
- ક્રોધ એ ખૂબ બેસુરી વિસંવાદી કાર્ય શક્તિ છે. જે શરીરમાં રોગો ઉત્પન્ન કરે છે.
- ક્રોધ પ્રેમનો નાશ કરે છે જ્યારે અહંકાર મૈત્રીનો નાશ કરે છે અને લોભ સર્વેનો નાશ કરે છે.
- ક્રોધ એક એવું વાવાઝોડું છે જે વિવેકના છાપરા ઉડાડી દે છે.
- ક્રોધને ક્ષણભર અટકાવવાથી મોટી આફત અટકાવી શકાય છે.
- ક્રોધ માણસની આંખો બંધ કરી દે છે અને મોઢું ખોલી નાંખે છે.
- ક્રોધ કયારેય કરવો નહીં કદાચ કાળે કરીને ક્રોધ આવી જાય તો તેમાં નિર્ણય લેવો નહીં. સંજોગો એ ક્રોધમાં નિર્ણય લેવાઈ જાય તો કદાપિ અમલ કરવો નહીં. ક્રોધે લીધેલ નિર્ણયો હંમેશા ખોટા જ હોય છે.
- ક્રોધ મુશ્કેલીને નોતરે છે જ્યારે અભિમાન મુશ્કેલીની સ્થાપના કરે છે.

*(સંકલન : મોદીભાઈ)*

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૫)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

## ગાલાથી બુધી

આજે અમારે ૨૧ કિ.મી.ની કઠીન યાત્રા કરવાની હતી. ૮૦૦૦ ફુટથી ૯૫૦૦ ફુટ ઉંચે ચડી ૬૦૦૦ ફુટ નીચે ઉતરી ૮૫૦૦ ફુટ ઉંચાઈ પર આવવાનું હતું. સવારે છ વાગ્યે બોર્નવીટા વાળું દુધ પી તથા નાસ્તો સાથે લઈને ચાલી નીકળ્યા. આજનો દિવસ ખુશનુમા હતો. ઠંડી લાગવી શરૂ થઈ ગઈ હતી શરૂઆતમાં તો રસ્તો સરળ હતો પણ પછી દુરથી ડુંગર ઉપર જતી સર્પાકાર કેડીઓ દેખાતા ડુંગર ચડવા ઘોડા ઉપર બેઠા. ઘોડાવાળા સાથે ધારચુલાથી જ દિવસના રૂા. ૨૦૦ નક્કી કરેલા હતા. એકાદ કલાક ડુંગર ઉપર ચડ્યા પછી ઝાડ ઉપર લુગડાના ચીથરા બાંધેલા જોયા અને બાજુમાં પથ્થરનો ઢગલો જોયો. એટલે જાણ્યું કે ડુંગરની ટોચ ઉપર પહોંચી ગયા. હવે ચાર હજાર ચારસો ચુમાલીસ (૪૪૪૪) પગથીયા નીચે ઉતરવાના હતા. પગથીયા ઉંચાનીચા તથા તુટેલા હતા જેથી નવકાર મંત્રનું ધ્યાન કરતા ઉતરવાનું શરૂ કર્યું. ડુંગરથી નીચે ઉતરતાં ઘોડા ઉપરથી ઉતરી પગે ચાલવું પડે છે. કારણ કે ઉતરતા પડી જવાની બીક લાગે. આમ આખી યાત્રામાં પચાસ ટકા ઘોડા ઉપર બેસવાનું અને પચાસ ટકા પગે ચાલવું પડે છે. અડધા પગથીઆ ઉતરતા તો થાકી ગયા અને પુરૂ થતા તો પગ આડા અવળા પડવા લાગ્યા. માંડ માંડ નીચે ઉતરતા લખનપુર ગામ આવ્યું. લખનપુરમાં ચા નાસ્તો કરવા રોકાયા. નાસ્તામાં પુરી શાક ઉપરાંત યાત્રિકો સાથે લાવેલ સુકો મેવો, ચોકલેટ, પીપર, ચવાણું, મીઠાઈ વગેરે સરખે ભાગે વહેંચી આનંદથી ખાધું દરેક યાત્રીને માથા ઉપર પહેરવા હેલમેટ આપવામાં આવે છે. કારણ કે રસ્તાના ઉપરના ભાગમાંથી અચાનક નાના મોટા પથ્થરો ગબડતા હોય છે આ પથ્થરો માથામાં વાગે તો નુકશાન કરી બેસે. મારા હેલમેટ સાથે નાના પથ્થરો ભટકાયા હતા. ચા નાસ્તો કરીને થોડું ચાલતા ધારચુલા પાસે દેખાયેલી કાલી નદી ફરીથી ગુંજારવ કરતી દેખાણી. કાલી નદીને કિનારે કિનારે યાત્રા થાય છે. કાલી નદીનું પાણી નદીમાં વચમાં પડેલા મોટા મોટા પથ્થરો સાથે અફળાઈને એવો મોટો અવાજ કરે કે વાતચીત સાંભળી શકાય નહિ. હજુ સુધી તે નદીનો અવાજ મારા કાનમાં ગુંજે છે.

અગાઉના વર્ષોમાં કાલી નદીને કાંઠે આવેલા માલ્પા ગામ પાલે યાત્રીઓનો મુકામ હતો. અત્યાર સુધીની કૈલાસ માનસરોવર યાત્રામાં ન બની હોય તેવી હોનારત ૧૭મી ઓગષ્ટ ૧૯૮૯ ના રોજ માલ્પા પાસે બનેલી. ૧૭મી ઓગષ્ટે યાત્રાની ૧૨મી ટુકડી રાત્રે કેમ્પમાં આરામથી સુતી હતી ત્યારે ભારે વર્ષા તથા ઉપરથી ભેખડો ધસી પડતાં કેમ્પમાં સુતેલા બધાજ યાત્રીઓ દટાઈ ગયા. વધારામાં બાજુમાં વહેતી કાલી નદીમાં પથ્થરો પડતા નદીએ વહેણનો માર્ગ બદલ્યો અને તેનું પાણી કેમ્પ પર ફરી વળ્યું. યાત્રાળુઓ, ઘોડાવાળા, મજૂરો તથા માલ્પા ગામમાં રહેતા માણસો સહિત ૨૫૦ માણસોએ જાન ગુમાવ્યા. કેટલાક ઘોડાઓ દૂર દૂર ચરવા ગયેલા તે બચી ગયા. આ ટુકડીમાં નામી કલાકારો તથા મુલુંડના પાંચ ડૉકટરો હતા. ભારત સરકારે યાત્રીઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બચાવવા માટે હેલીકોપ્ટર મોકલેલું પણ ખરાબ હવામાનને કારણે ઉતરી શક્યું નહિ. આ જગ્યાએથી પસાર થતાં મન ખૂબ ગમગીન બની ગયું અને આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. મૃત્યુ પામેલા યાત્રિકોના આત્માને ઇશ્વર શાંતિ બક્ષે તેવી પ્રાર્થના કરી, બે મિનિટ મૌન પાળી આત્માઓને અંજલી આપી આગળ વધ્યા.

આગળનો એક કી. મી.નો રસ્તો સારો છે. પછી ઉપર જુઓ તો ઉંચા ઉંચા ડુંગરા અને છેક નીચે તળીયે નદી આ બન્ને વચ્ચેથી ચાલવા માટે કેડી કંડારેલી હોય છે. કેડી ઘડીકમાં નદીના પાણી પાસે લઈ જાય અને ઘડીકમાં ડુંગર ઉપરની ટોચે લઈ જાય. દરેક યાત્રિક ને સુચના આપેલી કે ચાલતા ચાલતા નદીના પ્રવાહ સામે એકીટશે જોવું નહિ કારણ કે પાણીનો પ્રવાહ એટલો વેગવાળો હોય છે કે જોતાં જ ચક્કર આવે અને સમતોલન ગુમાવી બેસાય. બે જગ્યાએ ડુંગર ઉપરથી પાણીના ઝરણા પડે છે. આ ઠંડા પાણીના ઝરણાની આરપાર થઈને જવું પડે છે. એક બાજુ ઉપરથી પડતા ઠંડા પાણીથી બચવું અને નીચેની કેડી તુટેલી હોય અને ઠંડુ પાણી વહેતું હોય એટલે ખુબ ધ્યાન રાખીને પસાર થવું પડે. ઘણા યાત્રિકો સાથે છત્રી રાખે છે. મારા જેવા અશક્ત યાત્રિકોને ખડતલ શરીરવાળા યાત્રિકો હાથ પકડીને પસાર કરાવે છે. યાત્રામાં એક બીજાને મદદની ખૂબજ જરૂર પડે છે. પાણીના ઝરણાને છાતા ફોલ કહે છે. બપોરે ચારેક વાગ્યે બુધી કેમ્પમાં પહોંચ્યા.

બુધી પહોંચતા જ ત્યાનું પ્રાકૃતિક સૌંદર્ય તથા રમણીય વાતાવરણ જોતા જ થાક ઉતરી ગયો. બુધી કેમ્પની એક બાજુ ભવ્ય અને આકર્ષક દેખાઈ રહેલા હિમાચ્છાદિત પર્વતો નીચે ખીણમાં સુંદર લીલાછમ દેખાતા વૃક્ષો તથા બગીચામાં ઉગાડેલા રંગબેરંગી ફુલોના છોડવાઓ એવી રીતે વાવેલા કે જાણે ફુલોની સુંદર પથારી. રંગબેરંગી ફુલો ઉપર ઉડતાં રંગબેરંગી પતંગીઆ સૌંદર્યતામાં ઉમેરો કરે. કેમ્પની ચોખ્ખાઈ પણ ઊડીને આંખે વળગે. જમીને થોડોક આરામ કરી સાંજે આથમતા સૂર્યના કિરણો હિમાચ્છાદિત પર્વતો ઉપર પડતાં સોનેરી તથા અન્ય રંગોનું મિશ્રણ ભળતા આલ્હાદક દૃશ્ય જોવા મળ્યું. મધ્ય રાત્રીએ બગીચામાં આવીને જોયું તો કાળા ડીબાંગ આકાશમાં તારાઓ જાણે કે નાના મોટા હીરાઓ ટાંગ્યા ન હોય તેવા માથા ઉપર બિલકુલ નજીક હોય તેમ ચમકતા હતા.

રાત્રે જમ્યા પછી એક યોગ નિષ્ણાત અમારી સાથે આવેલા તેઓએ આગામી કઠીન યાત્રાને સહેલી કરવા યોગના પ્રાથમિક પ્રયોગોની માહિતી આપી ઉંચાઈ ઉપર પહોંચતા થાક લાગે, શ્વાસમાં તકલીફ પડે કે હૃદયને કાંઈ થાય તો બતાવેલા યોગના પ્રયોગ કરવા જેથી રાહત મળશે.

એક આડવાત મનુષ્યનો સ્વભાવ દરેક જગ્યાએ એક સરખો હોય છે. શેત્રુંજા ડુંગર ડોળીથી ૯૯ યાત્રા કરનાર ને અનુભવ થયો હોય છે કે ૨૫મી યાત્રા પછી ડોળીવાળા સારી સારી વાતો કરવા લાગશે કે અમોને ગયા વર્ષે ચેઈન, વીંટી કે વધારાની રોકડ રકમ ઇનામમાં મળેલ. આમ આ યાત્રામાં પણ ઘોડાવાળા તથા મજૂરો જુદી જુદી માપણી કરવા લાગ્યા. આમ જુઓ તો ઘોડાવાળા તથા મજુરો ઘણા જ માયાળુ, મદદગાર તથા રમુજી સ્વભાવના હોય છે.

*(ક્રમશઃ)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'શ્રી આત્માનંદ પ્રકાશ'ને અમારી હાર્દિક શુભેચ્છા

# મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર. ફોન : ૪૨૮૯૯૭-૫૧૭૮૫૪

| રોહિતભાઈ | સુનીલભાઈ | પરેશભાઈ |
|---|---|---|
| ઘર : ૨૦૧૪૭૦ | ઘર : ૨૦૦૪૨૬ | ઘર : ૫૧૬૬૩૯ |

## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦, ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર—૪૩૯૭૮૨, વડવા પાનવાડી—૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૫૬૫૯૬૦, ભાવનગર-પરા-૪૪૫૭૯૬, રામમંત્ર-મંદિર-૫૬૩૮૩૨, ઘોઘા રોડ—૫૬૪૩૩૦, શિશુવિહાર—૪૩૨૬૧૪

**સલામત રોકાણ** **આકર્ષક વ્યાજ**

| ડીપોઝીટ | વ્યાજનો દર | ડીપોઝીટ | વ્યાજનો દર |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૧ વર્ષથી ૩ વર્ષની અંદર | ૮.૫ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૭.૦ ટકા | ૩ વર્ષથી ૫ વર્ષની અંદર | ૯.૦ ટકા |
| ૧૮૧ થી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા | | |

૯૩ માસે રકમ ડબલ મળશે.
સીનીયર સીટીઝનને F.D. ઉપર ૧ ટકો વધુ વ્યાજ આપવામાં આવે છે.

**વધુ વિગત માટે હેડ-ઓફિસ તથા નજીકની શાખાનો સંપર્ક સાધવો.**

| મનહરભાઈ એચ. વ્યાસ | વેણીલાલ એમ. પારેખ | નિરંજનભાઈ ડી. દવે |
|---|---|---|
| જનરલ મેનેજર | મેનેજિંગ ડિરેક્ટર | ચેરમેન |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા

## જ્ઞાન પંચમી મહોત્સવની ઉજવણી

પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ સં. ૨૦૫૯ કા.સુ. ૫ શનિવાર તા. ૯-૧૧-૦૨ના રોજ જ્ઞાનપંચમીના પાવન પર્વના સુઅવસરે સભાના વિશાળ લાઈબ્રેરી હોલ ખાતે સુંદર, કલાત્મક અને લાઈટ ડેકોરેશનના ઝગમગાટપૂર્વક જ્ઞાનની ગોઠવણી સભાના સ્ટાફ ભાઈઓ દ્વારા કરવામાં આવી હતી.

સવારના ૬ વાગ્યાથી રાત્રિના ૯ દરમ્યાન પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો, સકળ શ્રીસંઘના ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ તથા નાના-નાના બાલક-બાલિકાઓએ આ નયનરમ્ય જ્ઞાનની ગોઠવણીના હોંશપૂર્વક દર્શન-વંદનનો અમૂલ્ય લ્હાવો લીધો હતો. ઘણા બાળકો કાગળ તથા કલમ આદિ સાથે લાવી જ્ઞાનની ભક્તિભાવપૂર્વક પૂજા કરી હતી.

સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણીના દર્શનાર્થે આવનાર વિશાળ દર્શનાર્થીઓના અવિરત સમુહને જોઈ ટ્રસ્ટીગણે ઊંડા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

## સિદ્ધચક્ર માસીકનું ગ્રંથ સ્વરૂપે પ્રકાશન

શ્રી જંબુદ્વિપ-પાલીતાણા ખાતે ચાતુર્માસ બિરાજમાન પૂ. આ. શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મ. સા. એ આજથી ૮૦ વર્ષ પૂર્વે પૂજ્ય આગમોદ્ધારક આ. ભ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ. સા. એ આગમતત્ત્વના રહસ્યોને 'સિદ્ધચક્ર' માસિક દ્વારા તેઓશ્રીના અગાધ જ્ઞાનથી પ્રકાશિત કરેલ. આ માસિક અવિરત ૨૮ વર્ષ સુધી પ્રકાશિત થયેલ. આ સાહિત્યની હાલ અનેક વિદ્વાનો અને જ્ઞાનપિપાસું તેમજ દેશ-પરદેશથી આ માસિક અંગે પૃચ્છા રહેતા પૂ. ગુરુદેવશ્રીએ 'સિદ્ધચક્ર' માસિકને પુન:મુદ્રણ કરવાનું વિચાર્યું. આ ભગિરથ કાર્ય માટે આર્થિક અને શ્રમ માંગી લે તેવું કાર્ય હતું. પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમકૃપાથી આ કાર્ય ખૂબજ ગતિપૂર્વક ચાલ્યું. આજે આ 'સિદ્ધચક્ર' માસિક્ના ૪ ગ્રંથ પ્રગટ થઈ ચૂક્યા છે. ગત જ્ઞાનપંચમીના દિવસે પાંચમાં ગ્રથનું વિમોચન પણ શાસન અને સાગર સમુદાયના રાગી એવા શેઠશ્રી પ્રવિણચંદ્ર રતનચંદ રાજાના વરદ્ હસ્ત્ થયું હતું. આ સુઅવસરે શ્રોતાજનો અને શ્રેષ્ઠિજનોની વિશાળ ઉપસ્થિતિ રહી હતી. હવે પછીના ગ્રંથો પણ ટુંક સમયમાં પ્રકાશિત થશે. આવા ૧૮ ગ્રંથો પ્રકાશિત થશે.

With Best Compliments From :

A house of Quality Products

Universal AGENCIES

Press road, volkart road, BHAVNAGAR-364001

Phone : (O) 428557/427954 Fax : (0278) 421674

E-mail : universal agencies@usa.net

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નાતાલનો મર્મ : શિક્ષા કરતાં ક્ષમા મહાન છે

પ્રેમ માનવીને પાપથી બચાવે છે.

પ્રેમ પુણ્યની પરબ છે.

'નાતાલ'નું પર્વ આવે છે અને પ્રભુ ઈસુએ જગતના જીવોને આપેલો 'પ્રેમ'નો મહામંત્ર યાદ આવે છે. કારણ કે પ્રભુ ઈસુએ પ્રેમને જ ધર્મનો પર્યાય કહ્યો છે.

ઈસુએ પ્રેમનો ઉપદેશ આપવા માટે વાણી કરતાં વર્તનના માધ્યમનો વિશેષ પ્રયોગ કર્યો હતો. રોગી અને દુઃખી વ્યક્તિની સેવા કરવાની તક મળે તો, પ્રભુભક્તિનો લહાવો મળ્યો છે એમ સમજીને પ્રેમથી દોડી જવું એ માનવીમાત્રનો મહાધર્મ છે, એમ તેઓ માનતા અને સૌને સમજાવતા.

પ્રભુ ઈસુ હંમેશાં દુઃખી, પીડિત, પછાત અને રોગી લોકોની સેવા કર્યા કરતા. આ જોઈને કોઈકે તેમને પૂછ્યું, 'પ્રભુ! આપ તો ભારે વિચિત્ર છો! સમાજ જે લોકોને તિરસ્કારે છે, તેમને આપ વહાલ કરો છો!'

ઈસુએ કહ્યું, 'ભાઈ, જે વ્યક્તિ રોગી હોય તેને ડૉકટરની જરૂર પડે છે. જગતમાં દુઃખી અને પીડિત લોકો માનસિક દર્દના રોગીઓ છે. તેમની માવજત કરવા, તેમના પ્રત્યે સહાનુભૂતિ દાખવવા માટે જવું જ પડે ને! રોગી પાસે ડૉકટર જાય તેમ પાપી પાસે પવિત્ર માણસે જવું જોઈએ. સમાજની ટીકાથી ડરવાનું ના હોય.'

આવો જ એક બીજો પ્રસંગ છે. પ્રભુ ઈસુ એક વખત ઘેરથી કાંઈ કહ્યા વગર નીકળી પડેલા. સાંજ પડવા આવી તોપણ તેઓ પાછા ન ફર્યા તેથી સૌને ચિંતા જાગી. સ્વજનો તેમને શોધવા માટે ઠેરઠેર ફરવા માંડ્યા. પણ ક્યાંય ઈસુ મળે નહિ!

છેવટે એક દુઃખી અને રોગી માનવીના ઘરે ઈસુ છે, એવા સમાચાર મળ્યા. સૌ ત્યાં પહોંચ્યા. જઈને જોયું તો ખરેખર પ્રભુ ઈસુ પેલા દુઃખી અને રોગી માનવીની સેવા કરી રહ્યા હતા. કોઈએ આગળ આવીને કહ્યું :

'ઈસુ! તમે અહીં છો? અમે તમને શોધવા માટે દેવળમાં અને અન્યત્ર જઈ આવ્યા.....'

ઈસુએ પ્રેમાળ શબ્દોમાં કહ્યું, 'ભાઈઓ! દુઃખી માનવીનું ઘર એ જ દેવળ છે. એની સેવા એ જ ભક્તિ છે. ભગવાન કદીય એમ નથી કહેતો કે તમે મારી સેવા કરો... મારી સમક્ષ સ્વાદિષ્ટ ભોજન કે કીંમતી અલંકારોના ઢગલા કરવાનો કશો જ અર્થ નથી. જે વ્યક્તિને એ સામગ્રીની જરૂર હોય તેને તે આપો. દીન-દુઃખી અને રોગી વ્યક્તિને જે સેવા આપો છો, એ જ સેવા મારા સુધી પહોંચે છે!'

પ્રભુ ઈસુએ સૌને એક વાત કહી છે કે, 'તું તારા પાડોશીને પ્રેમ કર!'

પણ પાડોશી એટલે કોણ?

જગતના પીડિત, રોગી, દુઃખી અને પછાત લોકો આપણા પાડોશી છે. તેમને પ્રેમ કરવાનું ઈસુએ કહ્યું છે.

વિશ્વના તમામ જીવો આપણા પાડોશીઓ છે, અને તે સૌ પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ એ જ સાચી ભક્તિ છે.

એક વખત વહેલી પરોઢે પ્રભુ ઈસુ એક શિષ્ય સાથે કોઈ રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. એવામાં તે બન્ને એકાએક વિખૂટા પડી ગયા. બન્ને પરસ્પરને શોધતા રહ્યા પણ મળી શક્યા નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિષ્ય ફરતો ફરતો એક ખેતરમાં પહોંચી ગયો. તેને ભૂખ તો ખૂબ લાગી જ હતી... અને ખેતરમાં બાજરીનાં લીલાંછમ ડૂંડા હવામાં લહેરાઈ રહ્યાં હતાં........! શિષ્યને થયું, 'આવાં મજાનાં ડૂંડાં ખાવાથી ભૂખમાં રાહત થશે....!' ને એણે બેચાર ડૂંડાં તોડીને ખાવા માડ્યાં.

ત્યાં જ ખેતરનો માલિક આવી પહોંચ્યો. એણે જોયું તો પેલો શિષ્ય બાજરીનાં ડૂંડાં ખાઈ રહ્યો હતો. ખેડૂત ગુસ્સે થઈ ગયો અને બીભત્સ ગાળો બોલવા લાગ્યો. તે કહેતો હતો :

'મૂરખ! મારા ખેતરમાંથી મને પૂછ્યા વગર બાજરીનાં ડૂંડાં તોડી તું ખાઈ રહ્યો છે? નાલાયક! હજી તો સવારનું દાતણ પણ તેં કર્યું નથી, અને બાજરી આરોગવા માંડ્યો છે, તે તને શરમ નથી આવતી?'

'ભાઈ, મારી ભૂલ થઈ ગઈ... મને ક્ષમા કરો...!' શિષ્યે ખેડૂત સામે બે હાથ જોડતાં કહ્યું.

'અરે, જા હવે નફ્ફટ.....! તને તો હું કોરડે કોરડે ફટકારીને દંડ દઈશ..... તું હરામખોર છે. તું નિર્લજ્જ છે. તું પાખંડી અને ચોર છે....!'

એટલામાં વિખૂટા પડી ગયેલા ઈસુ ત્યાં આવી પહોંચ્યા. તેમણે પૂછ્યું :

'કેમ, શી વાત છે, ભાઈ?'

'જુઓને, આ નાલાયક....! મારા ખેતરમાંથી બાજરીનાં લીલાછમ ડૂંડાં ખાઈ રહ્યો છે. હજી તો એણે સવારનું દાતણ પણ કર્યું નથી અને ભૂખડીબારસ જેવો ભૂખ્યો થઈ ગયો છે! પાછો મને કહે છે કે, માફ કરી દો.....' ખેડૂતે પ્રભુ ઈસુ સામે જોઈને રોષપૂર્વક કહ્યું.

પ્રભુ ઈસુએ પોતાના શિષ્ય સામે નજર માંડી. શિષ્ય નીચી નજરે સ્થિર ઊભો હતો.

પ્રભુએ ખેડૂતને કહ્યું :

'ભાઈ, આ માણસ મારો શિષ્ય છે. તેનો અપરાધ હું પણ સ્વીકારું છું અને ક્ષમા માગું છું. તમે એને દંડ દેવા માટે હકદાર છો. પણ શિક્ષા કરતાં ક્ષમા મહાન છે. વળી તમે કહો છો એમ આ શિષ્યે હજી સવારનું દાતણ પણ નથી કર્યું અને બાજરી ખાવા લાગ્યો છે, પણ તમેય સવારના પહોરમાં અપશબ્દો બોલી જ રહ્યા છો ને! પ્રાતઃકાળે તો પ્રભુનું નામ લેવાનું હોય, સવાર સવારમાં ઈશ્વરનું સ્મરણ કરવાને બદલે તમે ગાળો બોલી રહ્યા છો એ શું તમને યોગ્ય લાગે છે?'

ખેડૂતનો રોષ શાંત થઈ ગયો.

આજે વિશ્વમાં રોષ અને દ્વેષની જ્વાળાઓ લપકારા મારી રહી છે. જગત હિંસાના શિખર ઉપર બેઠું છે. કઈ પળે વિનાશક વિસ્ફોટ થશે અને વિશ્વ ખતમ થઈ જશે એની કોઈને ખબર નથી. વિજ્ઞાન એક તરફ અણુશક્તિ દ્વારા ખતરનાક હથિયારો બનાવે છે, તો બીજી તરફ માનવ માનવ વચ્ચે વૈમનસ્ય અને વિખવાદ ઘેરાં બની રહ્યા છે. પરાકાષ્ઠાની એક પળ જગતનો નાશ કરવા સમર્થ છે. ત્યારે ઈસુએ આપેલો પ્રેમનો મહામંત્ર યાદ કરીએ અને તે દ્વારા જીવનને સાર્થક કરીએ એમાં જ આપણું તથા વિશ્વનું શ્રેય છે.

*[લેખક શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર]*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વ્યક્તિ વિશેષ

# ✱ શ્રી રાયચંદ મગનલાલ શાહ ✱

*ડૉ. કવિન શાહ*

ગરવી ગુજરાતના સૌરાષ્ટ્રમાં આવેલું ભાવનગર શહેર ધર્મ, સંસ્કૃતિ, શિક્ષણ, વ્યાપાર અને સેવાના કાર્યક્ષેત્રમાં આગવું પ્રતિનિધિત્વ ધરાવે છે.

આ નગરના નગરરત્નોમાં જૈનસમાજના વ્યક્તિ વિશેષ કરીને રાયચંદ મગનલાલ શાહનો જીવન પરિચય અને સ્વાધ્યાય સૌ કોઈને માટે જીવન જીવવાની અને સેવાકાર્યની સાથે આત્મા અંગે વિચારણા કરવા માટે અનન્ય પ્રેરણા આપે છે.

હાલ ૯૩ વર્ષની વયે મુખારવિંદ પર હાસ્યની રેખાઓ ફરકતી જોવા મળે છે એવા શ્રી રાયચંદભાઈની જન્મભૂમિ ભાવનગર (ભાવેણા) પણ કર્મભૂમિ તો એક ચિરસ્મરણીય ઈતિહાસ આલેખાય તેવી મોહમયી મુંબઈ નગરી છે. અહિં મોહ-માયા કરતાં સેવા-પરોપકારને આત્મચિંતનની પ્રવૃત્તિથી એમનું સમગ્ર જીવન પસાર થતું જ્ઞાતિ અને સાધર્મિકોએ પ્રત્યક્ષ નિહાળ્યું છે.

મુંબઈ મહાનગરની દોડધામમાં જીવતા રાયચંદભાઈએ સતત ૫૭ વર્ષ સુધી સેવાના ભેખધારી બનીને કિંમતી સમય માનવહિત માટે વિતાવ્યો છે એમની કર્મકતા નવી પેઢીના વારસદારોને માટે દીવાદાંડી સમાન છે. એમનો પરિચય એ કોઈ સર્જકની કલ્પનાનો પરિપાક નથી પણ વાસ્તવિકતાનું અમર ઉદાહરણ છે. એમની સેવાક્રિય પ્રવૃત્તિઓની કેટલીક વિગતો દ્વારા વ્યક્તિ વિશેષનો પ્રત્યક્ષ પરિચય થશે.

❀ ભાવનગર શહેરમાં રખડતા કૂતરાઓના નાશ કરવાના કાયદા સામે લડત આપીને પ્રાણીઓના જીવ રક્ષણમાં વિજય મેળવ્યો. એમની પ્રવૃત્તિમાં અહિંસા પરમોધર્મ, જીવદયા અને માનવદયાના કાર્યોના સંસ્મરણો નોંધપાત્ર બન્યા છે.

❀ શત્રુંજય, ગિરનાર, આબુ, ભાવનગર, મુંબઈ વગેરે તીર્થભૂમિમાં જિનબિંબ સ્થાપના, પ્રતિષ્ઠા મહોત્સવ, અંજનશલાકા આદિનો અમૂલ્ય લાભ લઈને શ્રાવકોચિત સુકૃત કરીને સમકિત નિર્મળ કરવા માટે શુદ્ધભાવથી આવા કાર્યો કર્યા છે.

❀ એક વક્તા તરીકે તેઓ નિર્ભય અને સ્પષ્ટ વિચારો વ્યક્ત કરતાં હતા. સત્યના રક્ષણ માટે સમર્પણ ભાવથી પડકાર ઝીલીને વિજય મેળવવા માટે સતત પુરૂષાર્થ કરતાં હતા.

❀ ટ્રસ્ટના વહીવટ અંગે કાયદાકીય મુશ્કેલીઓમાંથી ટ્રસ્ટના હેતુના રક્ષણ અને શાસ્ત્રીય આધારે માર્ગ કાઢવાની કુશાગ્ર બુદ્ધિના ઉદાહરણ તરીકે મોતીશા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રશ્ન અંગે એમના પ્રયત્નોથી હાઈકોર્ટમાં વિજય પ્રાપ્ત થયો હતો. શ્રી ગોડીજી જ્ઞાન ભંડારના મંત્રી, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સક્રિય સભ્ય રહીને જૈન સમાજની સેવામાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે.

એમની વ્યક્તિત્વ વિશેષમાં અભિવૃદ્ધિ કરનારા ગુણો શાંતિપ્રિયતા, મિલનસારપણું, હસમુખો ચહેરો, સેવા અને સહકારની ભાવના, દૃઢ સંકલ્પ શક્તિ, ઊંચી અને ઊંડી ધર્મભાવનાનો સમાવેશ થાય છે. એમની ધર્મદૃષ્ટિ વ્યવહારલક્ષી નહિ પરંતુ આત્મલક્ષી છે.

ધર્મમાં અપૂર્વ શ્રદ્ધાથી, સ્વાધ્યાયમાં નિજાનંદે મસ્ત રહેતા હતા. આજે આટલી મોટી વયે પણ સ્પષ્ટ અવાજથી આનંદઘનજી, ચિદાનંદજી, યશોવિજયજી ઉપાધ્યાયજી વગેરેના સ્તવનો અને પદોની પંક્તિઓ લલકારીને સ્વાધ્યાયના પરમોચ્ચ આનંદની લ્હાણ કરે છે, આ તો પ્રત્યક્ષ પરિચયથી સમજી શકાય તેમ છે. સત્ય માટે પડકાર ઝીલીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજય મેળવવાની ઉત્કટ ભાવનાથી કાર્ય કરીને ધ્યેય સિદ્ધ કરતાં હતા. એમની નિસ્પૃહ ભાવના ધર્મ અને સત્યના રક્ષણ માટે કાર્યરત હતી. પરિણામે વિજય પ્રાપ્ત થતો હતો. સેવાને સ્વાર્થ સાથે કોઈ સગાઈ નથી એવું સૂત્ર રાયચંદભાઈએ ચરિતાર્થ કરી બતાવ્યું છે. એમના જીવનનો આ પરિચય જૈન સમાજ અને ધર્મ પ્રવૃત્તિનો ખ્યાલ આપે છે પણ જીવનની બીજી બાજુનો વિચાર કરીએ તો આત્માની ઓળખાણ માટે અધ્યાત્મ યોગીઓના પુસ્તકોનો અભ્યાસ, ચિંતન અને મનન દ્વારા સંસારી વેશે પણ આત્માર્થી બનીને જીવી રહ્યા છે.

❀ આનંદઘનજી, યશોવિજયજી ઉપાધ્યાય, હેમચંદ્રાચાર્ય, ચિદાનંદજી, રાજચંદ્ર આદિના ગ્રંથોનો અભ્યાસ કરીને ધર્મ-સ્વાધ્યાય દ્વારા શારીરિક અને માનસિક સ્વસ્થતાને શુદ્ધિને વર્યા છે. એમની આ પ્રવૃત્તિના ઉદાહરણરૂપે કેટલીક વિગતોનો આ લેખમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રાયચંદભાઈના બાહ્યજીવનની ગુણવત્તા તો છે જ પણ તેનાથી અધિકત્તમ આંતરિક ગુણવત્તા એ ધર્મની દૃષ્ટિએ ઉચ્ચ કોટિની છે. શ્રાવક તરીકે આવી સિદ્ધિ મેળવનારા બહુ અલ્પ સંખ્યામાં જાણવા મળે છે.

ધર્મમાં મન, વચન અને કાયાની શુદ્ધિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તેના નિમિત્તમાં જ્ઞાનોપાસના સ્વાધ્યાય મહત્વનો છે. સ્વાધ્યાયથી મનશુદ્ધિ થાય, તેના પ્રભાવથી વચન શુદ્ધિ અને પરિણામે કાયાની શુદ્ધિ પણ થાય છે. મનની ચંચળતાને દૂર કરવા સત્સંગ, સ્વાધ્યાય, જ્ઞાન અને ધ્યાન જેવા સાધનો ઉપકારક છે. મનની સ્વસ્થતાથી શરીરની સ્વસ્થતા સહજ રીતે પ્રગટ થાય છે. એમના જીવનમાં આ સૂત્ર વણાઈ ગયું છે એમ લાગે છે.

રાયચંદભાઈનું જીવન અને સદ્કાર્યોની નોંધ સહુ કોઈને માટે પ્રેરણાની પરબ બની રહે તેવી છે.

APTECH
COMPUTER EDUCATION
"ફેમીલી પેક" યોજના
એકની ફી ભરો અને ફેમીલીના બધા સભ્યો કોમ્પ્યુટર શિક્ષણ મફત મેળવો.
3rd Floor, Ajay Chamber, Kalanala, Bhavnagar - 364 001
(Gujarat) India Phone : (91) (0278) 425868 Fax : (91) (0278) 421278
Internet : http://www. aptech-education.com

સૌપ્રથમ
કોમ્પ્યુટર કુંડળી
દેશ-પરદેશની
સુક્ષ્મ અને ચોક્કસ
કાઢવા માટે મળો.

COMET
COMPUTER CONSULTANCY
10, V. T. Complex,
Kalanala, Bhavnagar - 364 001
Phone : (91) (0278) 422229

ભવિષ્યનું માર્ગદર્શન
મફત
રૂબરૂ મળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments from :

Kinjal Electronics

Chandni chowk, par falia,
Opp. children Park, Navsari-396445
Tele : (02637) 41321 Fax : (02637) 52931

## સૌ જીવો સુખભાગી બનો.

રાગી-દ્વેષી-અજ્ઞાની એવા કુદેવોને માનનારા, પૂજનારા, મહા આરંભ અને મહાપરિગ્રહમાં ડૂબેલા એકાંતવાદી કુગુરુઓની જાળમાં ફસાયેલા અને જીવોની સાચી ઓળખાણ ન કરાવનારા અને જીવહિંસાના કાર્યોમાં દોરી જનારા કુધર્મને આચરનારાઓના મહાભયંકર મિથ્યાત્વનો નાશ થઈ જગતના સર્વ જીવો શ્રેષ્ઠ કોટિના બોધલાભથી = સાચા ધર્મની પ્રાપ્તિથી સુખી થાઓ ! સુખી થાઓ ! સુખી થાઓ !

—પં. ગુણસુંદરવિજયજી ગણિ

**મેસર્સ સુપર કાસ્ટ**

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

Manutacturer's of C.I. Casting. ✆ : 445428–446598

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મળે છે દેહ માટીમાં....પણ માનવીનાં કામ જીવે છે....

પ્રસિદ્ધ આત્માર્થી યોગીરાજ શ્રી આનંદ-ઘનજીએ એમના એક પદમાં જીવનની વરવી વાસ્તવિકતાનું દર્શન કરાવતાં લખ્યું છે કે **"एक दिन मीट्टी में मील जाना..."** આવું કટુ સત્ય લખીને એ એમ જણાવવા ચાહે છે કે મોહ-માયા-આસક્તિ અને એના કારણે કરાતી પાપપ્રવૃત્તિથી સદા ય દૂર જ રહેજો. કેમકે આ બધું કર્યા છતાંય એક દિવસ માટીમાં મળી જવું તો પડશે જ!! ને પછી એના કટુ ફળ પણ સહન કરવા પડશે જ!!

આનંદઘનજી આ જ પંક્તિને જરા અલગ રીતે વિચારીએ તો તેમાંથી એવો સાર પણ તારવી શકાય કે માટીમાં મળી જતાં પૂર્વે તમે કાંઈક એવા સત્કાર્યો-ધર્મકાર્યો કરી લેજો કે જેથી એક તરફ આધ્યાત્મિક દષ્ટિએ ઉન્નતી મળે-અમરદશા તરફ પ્રગતિ થાય અને બીજી તરફ દુનિયામાંથી તમે મીટી જવા છતાંય તમારા નામ-કામ અમીર રહે!! એવી કંઈ કેટલીય વ્યક્તિઓ-વિભૂતિઓ થઈ ગઈ છે ઈતિહાસના વિરાટ પટમાં કે જેણે માટીમાં મળી જતાં પૂર્વે પોતાના વિરલ કાર્યો દ્વારા જીવનની અમરદશા પ્રાપ્ત કરવા તરફ પ્રગતિ કરી છે અને સાથોસાથ સ્વયં માટીમાં મળી ગયા પછી ય, સૈકાઓ પર્યંત નામ-કામ ગુંજતા રહે એવી, અમરકીર્તિ હાંસલ કરી છે. આવી વ્યક્તિઓ માટે જ સંસારે પેલી ઉક્તિઓ રચી હશે કે "કીર્તિ કેરાં કોટડાં, પાડ્યાં નવ પંડત..."

આવો, આજે યાદ કરીએ આપણે આવી એક વ્યક્તિને-વિભૂતિને

ગૂર્જરેશ્વર રાજા ભીમદેવના મહામન્ત્રીશ્વર દંડનાયક વિમલશાહ. યુદ્ધક્ષેત્રે એ સવાયા ક્ષત્રિય હતા, તો ધર્મક્ષેત્રે એ સવાયા જૈન હતા. રાજનીતિના એ અચ્છા જાણકાર હતા. પરંતુ આ બધાથી અધિક એ પરમ પ્રભુભક્ત હતા. આબુગિરિરાજની તળેટીની ચન્દ્રાવતીનગરીના એ માલિક હતા. આબુગિરિરાજની છાયામાં જ વસતા હોવાથી અવાર-નવાર એ આબુગિરિ પર જતાં. એની વિશ્વથી સાવ અલગ દિવ્ય ભૂમિ પર, એવા જ અલગ-બેનમૂન જિનાલય રચવાના એમને મનોરથો જાગ્યા. હજારો નહિ, લાખો સુવર્ણમુદ્રાઓનો સદ્વ્યયથી જ સર્જાઈ શકે એવા શિલ્પ-સ્થાપત્યના ઉત્કૃષ્ટ નમૂનારૂપ વિરાટ જિનાલય એના અંતર-અરમાનો હતા. એના પ્રારંભ પૂર્વે કુલદેવી અંબીકાના વરદાન મેળવવાનું એમણે વિચાર્યું. વિચારણાનો અમલ થયો અને એમણે અંબીકાદેવીની સાધના આરંભી. નિશ્ચલ અને એકાગ્ર આરાધનાના પ્રભાવે દેવીએ પ્રસન્ન થઈને વરદાન યાચવા કહ્યું. વિમલશાહે કહ્યું : "મા! બે ઝંખના છે. એક આબુગિરિ પર બેનમૂન દેવાલયમાં દેવ વિરાજમાન હોય અને બીજું ઘરે દીકરાનું પારણું બંધાયું હોય." અંબીકાએ ઉત્તર દીધો : "વિમલશાહ! તમારી કિસ્મતમાં બે બાબત શક્ય નથી. કાં દેવ, કાં દીકરો, કાં પરમેશ્વર, કાં પુત્ર. બેમાંથી એકની પસંદગી કરો." વિમલશાહ મૂંઝાઈ ગયા. બેમાંથી એકેય જતું કરવાનું મન થતું ન હતું. એમણે નિર્ણય માટે એક દિવસની અવધિ યાચી.

ઘરે જઈને એમણે પત્નીને વાત કરી. ખૂબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારણા કરી. કિંતુ મનની મૂંઝવણ મીટી નહિ. એ જ અસમંજસની અવસ્થામાં બીજા દિવસે ગિરિરાજ પર ચડી રહ્યા હતા. ત્યાં માર્ગમાં જલપરબ આવી. તૃષાતુર દંપતિએ ત્યાં જલપાન કર્યું ને જયાં એ આગળ વધવા ગયા ત્યાં જ એક કિશોરે દોડતાં આવીને કહ્યું : ''પાણી પીધાના પૈસા આપો. પછી આગળ જજો'' વિમલશાહ વિસ્મિત થઈ ગયા : રે! પાણીના પૈસા હોય? એમણે કિશોરને પૂછ્યું : ''પાણીના પૈસા તો ક્યાંય ન હોય. શું આ પરબ પૈસા માટે બંધાવાઈ છે?'' કિશોરે બેશરમ થઈને ઉત્તર દીધો : ''મન્ત્રીજી! આ વાવ મારા પૂર્વજે બંધાવી છે. એમણે ભલે એ પરોપકાર માટે બનાવી. પરંતુ નિર્ધન બની ગયેલા મારા માટે તો આ જ એકમાત્ર આજીવિકાનું સાધન છે. માટે પૈસા તો ચૂકવવા જ જોઈશે.'' વિમલ મન્ત્રીશ્વરે દયાથી એને માગ્યા કરતાં વધુ પૈસા આપ્યા.

કિંતુ આ ઘટનાએ એમના ચિત્તમાં ચોટ લગાવી. એમને થયું કે હું દેવી પાસે દીકરો યાચું ને એ જો આવો કપાતર પાકે તો મારાં પુણ્યકાર્યોની રોકડી કરશે. એના કરતાં બહેતર છે કે માત્ર દેવ મળે, દીકરો ન મળે. ઉપર પહોંચીને એમણે દેવીને નિર્ણય જણાવી દીધો કે મારે પરમેશ્વર જોઈએ, દીકરો નહિ. દેવીએ ''તથાસ્તુ'' કહ્યું અને વિમલશાહે મહા-જિનાલયનિર્માણના મંગલાચરણ કર્યા.

એના નિર્ણય માટે પર્વત પર એમણે જે મોકાની ભૂમિ પસંદ કરી એ ભૂમિ પોતાની હોવાનો દાવો કરવા કેટલાક અન્ય ધર્મીઓ આગળ આવ્યા. વિમલશાહે ધાર્યું હોત તો સત્તાના સહારે એ ભૂમિ આસાનીથી લઈ શકત. કિંતુ તેઓ આ પાવન કાર્યમાં કોઈનું ય દિલ દુભવવા ચાહતા ન હતા. એમણે એ દાવેદારોને બોલાવીને કહ્યું કે આ ભૂમિના બદલામાં તમને જે જોઈએ તે જણાવો. હું એ અવશ્ય આપીશ. લાલચુ દાવેદારોએ વિવેક વિનાની અમર્યાદ માંગણી મૂકી કે ''જેટલી ભૂમિમાં મંદિર બનાવો, એટલી ભૂમિ પર પથરાય એટલી સુવર્ણમુદ્રાઓ અમને આપો!'' નેકદિલ વિમલશાહે એ અમર્યાદ માંગણી ય મંજૂર રાખી. ભૂમિ પર સુવર્ણમુદ્રા પાથરવાનો પ્રારંભ થયો. એ યુગની સુવર્ણમુદ્રાઓ ગોળ હોવાથી બે સુવર્ણમુદ્રાઓ મૂકતાં વચ્ચેનો કેટલોક ભાગ ખાલી રહેતો હતો. પરાકાષ્ઠા ત્યાં આવી કે એટલો ભાગ સુવર્ણમુદ્રાથી ઢંકાયા વિનાનો રહે એ ઈષ્ટ ન લાગવાથી વિમલશાહે ખાસ ચોરસ સુવર્ણમુદ્રાઓ રચાવીને ભૂમિ સુવર્ણ-મંડિત કરી!! અને એ સુવર્ણમુદ્રાઓ દાવેદારોને આપી દીધી.

વર્ષોની સખત જહેમત ને સંપત્તિના અમાપ સદ્વ્યયથી એમણે વિશ્વ અજાયબી જેવા મંદિર રચાવ્યા અને પુણ્યનું ભાતું એકત્ર કર્યું!! 'વિમલવસહી'ના નામે વિશ્વવિખ્યાત દેલવાડાના એ દેરાસરો આજેય દેશ-વિદેશના અનેક ભાવિકો માટે અનોખું આકર્ષણ કેન્દ્ર બની રહ્યા છે... વિમલશાહ ભલે માટીમાં મળી ગયા. પરંતુ એમના નામ-કામ આજે સેંકડો વર્ષો પછીય અમર છે આ મંદિરના માધ્યમે!!

આવો, આપણે ય માટીમાં મળી જતાં પૂર્વે વિમલશાહની જેમ કાંઈક વિરલ કાર્ય કરી જઈએ.

કારણકે :

**મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે,**
**મરે છે માનવી પોતે, પણ માનવીનું કામ જીવે છે.**

*--ગણિ રાજરત્નવિજય*

*(ગુજરાત સમાચાર તા. ૨૯-૩-૦૧ની આગમ નિગમ પૂર્તિમાંથી જનહિતાર્થે સાભાર)*

❊ ❊ ❊

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવન-સાર્થક્યનો સરળ ઉપાય

*પ્રવચનકાર : આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મ.સા.*

## સુપાત્રદાન : લક્ષણ અને મહત્ત્વ

જૈનશાસ્ત્રમાં પાંચ પ્રકારના દાન બતાવ્યાં છે. એમાં અભયદાન પછી બીજું આવે છે સુપાત્રદાન. યોગ્ય કે ઉત્તમ પાત્રને દાન આપવું એ સુપાત્રદાન કહેવાય.

સુપાત્રની વ્યાખ્યા શાસ્ત્રકારો આ પ્રમાણે કરે છે---

**'सु शोभनं पात्रं स्थानं ज्ञान-दर्शन-चारित्र-तप-क्षमा-शमशील-दया-संयमादीनां गुणानाम्। यद्वा सु अतिशयेन पापात् त्रायते इति सुपात्रम्।'**

'જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ક્ષમા, શમ, શીલ, દયા અને સંયમ જેવા ગુણોનું જેઓ યોગ્ય સ્થાન છે તે સુપાત્ર છે; અથવા જે સારી રીતે પાપથી પોતાની રક્ષા કરે છે તે સુપાત્ર કહેવાય'

## જીવન-સાર્થક્યનો સરળ ઉપાય

**'पाकारेणोच्यते पापं त्रकारस्त्राणवाचकः।**
**अक्षरद्वयसंयोगे पात्रमाहुर्मनीषिणः॥'**

'' 'પા' પાપવાચક છે અને 'ત્ર' ત્રાણ (રક્ષણ)વાચક છે. આ બંને (પા + ત્ર) અક્ષરોનો સંયોગ થાય તેને મનીષિઓ 'પાત્ર' કહે છે.''

હકીકતમાં સુપાત્ર એ હોય છે કે જેનામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર જેવા ઉત્તમોત્તમ ગુણો હોય અથવા તો જે પાપોથી પોતાના આત્માની રક્ષા કરતો હોય; જયાંથી પાપકર્મો આવવાની સંભાવના હોય ત્યાંથી એ પોતાની જાતને બચાવી લેતો હોય. આનો બીજો અર્થ એ પણ થઈ શકે કે જે પાપમાં પડેલી સમાજની વ્યક્તિઓને ધર્મની પ્રેરણા, ઉપદેશ અને માર્ગદર્શન આપીને પાપમાંથી ઉગારી લે. આવા સુપાત્રને અપાયેલું દાન જ સુપાત્ર કહેવાય. સુપાત્રદાન મોક્ષપ્રાપ્તિ કરાવનારું છે અને ઓછામાં ઓછું સુગતિમાં લઈ જનારું છે. આથી જ 'દશ-વૈકાલિક સૂત્ર'માં કહ્યું છે---

**''दुल्लहाओ मुहादाई, मुहाजीवी वि दुल्लहा।**
**मुहादाई मुहाजीवी दोवि गच्छंति सुगइं॥'**

''આ જગતમાં નિ:સ્વાર્થ દાતા અને નિ:સ્વાર્થ જીવન જીવનાર વ્યક્તિ બંને દુર્લભ છે. આ પ્રકારના બંને સુગતિ પામે છે.''

શાલિભદ્ર પૂર્વ જન્મમાં સંગમ નામનો ગોવાળ હતો. એણે પોતાની દરિદ્રાવસ્થામાં પણ આકરી મહેનતને અંતે મળેલી ખીર એક ઉત્તમ પાત્ર (નિ:સ્વાર્થ જીવી) સાધુને ઉત્કટ ભાવથી આપી હતી. આના ફળરૂપે એનો પછીનો જન્મ ગોભદ્ર શેઠના પુત્ર શાલિભદ્ર રૂપે થાય છે. આવું છે સુપાત્રદાનનું મહાફળ. ભગવદ્‌ગીતામાં આને સાત્ત્વિકદાન કહેવાયું છે—

**''दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे।**
**देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम्॥'**

'દેશકાળ અને પાત્ર જોઈને પોતાના અનુપકારીને પણ કર્તવ્ય સમજીને દાન આપવામાં આવે એ સાત્ત્વિક દાન કહેવાય છે.'

## ચાર ભાવના

ત્રણ પ્રકારના સુપાત્ર હોય છે. ઉત્તમ સુપાત્ર, મધ્યમ સુપાત્ર, અને જઘન્ય સુપાત્ર. ઉત્તમ સુપાત્ર સાધુ-સાધ્વી છે. મધ્યમ સુપાત્ર વ્રતધારી શ્રાવક અને શ્રાવિકા છે અને જઘન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુપાત્ર સમ્યક્ત્વી અથવા માર્ગાનુસારી સહધર્મી ભાઈ બહેનો છે. આ ત્રણ જ સુપાત્ર કહેવાય. શાસ્ત્રકારોએ ઉત્તમ સુપાત્રને રત્નના પાત્રની ઉપમા આપી છે. મધ્યમ સુપાત્રને સુવર્ણના પાત્રની અને જઘન્ય સુપાત્રને કાંસાના પાત્રની ઉપમા આપી છે. આ ત્રણ પ્રકારના સુપાત્રોને યથાયોગ્ય દાન આપવું તે જ સુપાત્ર દાન કહેવાય. સુપાત્રને અપાયેલું દાન સુફળ લાવે છે. જેવી રીતે છીપમાં સ્વાતિ નક્ષત્ર સમયે વરસાદનાં ટીપાં પડતાં મનોહર મોતી બની જાય છે. આ કારણથી જ સુપાત્ર દાનને શાસ્ત્રકારોએ અત્યંત દુર્લભ બતાવ્યું છે. એમાં એમ કહેવાયું છે કે—

**''केसिं च होइ वित्तं वित्तं के सिंपि उभयमन्नेसिं।**
**चित्तं वित्तं च पत्तं च तिन्नि लभंति पुण्हेहिं॥''**

'કેટલાક લોકોની પાસે સંપત્તિ હોય છે, પરંતુ હૃદયની વિશાળતા હોતી નથી. કેટલાકનું દિલ વિશાળ હોય છે, પરંતુ તેની પાસે યોગ્ય પ્રમાણમાં ધન કે સાધન હોતા નથી. કેટલાકની પાસે ધન અને સુંદર હૃદય બંને હોય છે, પરંતુ તેમને દાનને યોગ્ય સુપાત્ર મળતું નથી. આથી પર્યાપ્ત ધન, ઉદાર હૃદય અને સુપાત્ર-આ ત્રણેયનો ત્રિવેણી સંગમ પ્રબળ પુણ્યથી જ પ્રાપ્ત થાય છે.'

ન્યાય, નીતિ અને શુદ્ધ સાધનોથી મેળવેલું ધન કે સાધન જ યોગ્ય પાત્રને આપી શકાય. અન્યાય, અનીતિ કે ચોરીથી મેળવેલી સંપત્તિ ક્યારેય સુપાત્ર દાન પામતી નથી, કારણ કે આવા અશુદ્ધ ધન સાથે બુદ્ધિ પણ કલુષિત થઈ જાય છે. આવું ધન વિલાસિતા, ફેશન, અદાલતી તકરાર, બીમારી જેવા વ્યર્થ કાર્યોમાં ખર્ચાઈ જાય છે. આથી જ કહ્યું છે---

**''काले पात्रे तथा देशे धनं न्यायागतं तथा।**
**यद्दत्तं ब्राह्मण श्रेष्टास्तदनन्तं प्रकीर्तितम्॥''**

''હે વિપ્રવરો ! જે ધન ન્યાયોપાર્જિત હોય અને યોગ્ય દેશ, કાળ અને પાત્રને આપવામાં આવે તે જ દાન અનંત કહેવાય છે.''

સુપાત્ર દાન માટે દાતાને પણ સુપાત્ર બનવું પડે છે. જો દાતા યોગ્ય ગુણવાન--સુપાત્ર હોય નહિ તો એનું દાન સુપાત્રદાન કહેવાય નહિ. આથી જ તીર્થંકરોએ પહેલાં પોતાને સુપાત્ર બનાવીને જ સુપાત્રોને પ્રાયઃ દાન આપ્યું છે, જેના ફલસ્વરૂપે તેઓ તીર્થંકરપદની પ્રાપ્તિ કરી શક્યા અને મુક્તિ મેળવી શક્યા.

## સુપાત્રદાનના અધિકારી

અગાઉ કહ્યા પ્રમાણે માત્ર સાધુ, સાધ્વી કે સંન્યાસી જ સુપાત્રદાનનાં અધિકારી નથી, બલ્કે વ્રતબદ્ધ સમાજસેવક અથવા તો સદ્‌ગૃહસ્થ કે નીતિનિષ્ઠ વ્યક્તિ તથા એવી સંસ્થાઓ પણ સુપાત્રદાનને યોગ્ય છે. કેટલીક વ્યક્તિઓ પોતાના ધર્મ, સંપ્રદાય, જાતિ કે કોમનું જેના પર લેબલ લગાડેલ હોય એને જ કે એવી સંસ્થાઓને સુપાત્રદાનને યોગ્ય ગણે છે. પરંતુ આ એક મોટી ભ્રમણા છે. સુપાત્રદાનમાં સંપ્રદાય, પંથ, જાતિ, કોમ કે રાજયની સંકુચિત દીવાલો રચવી જોઈએ નહિ. આવી સંકુચિતતાને કારણે દાન સુપાત્ર થવાને બદલે સંપ્રદાય વગેરેની સંકીર્ણતામાં સીમિત બની જશે. કેટલાક લોકો એવી ભ્રાંતિનો શિકાર બની ગયા છે કે સાધુ-સાધ્વી સિવાય અને તેમાં પણ અમારા જ પંથના અને અમે માનીએ છીએ તે જ સાધુવર્ગ સિવાય બીજા બધા કુપાત્ર છે; અને કોઈ ગૃહસ્થ તો સુપાત્ર હોઈ શકે જ નહિ. પરંતુ આ તો સંકીર્ણ સાંપ્રદાયિકતાના ફેલાયેલા ઝેરનું પરિણામ છે. આવી સંકીર્ણ વૃત્તિના લોકો પોતાના જ સાધુવર્ગને સુપાત્ર ગણાવી અને હૃદયની અનુદારતાને ધર્મસંપ્રદાયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચનથી ઢાંકી દઈને એને જ સુપાત્ર ગણે છે. વાસ્તવમાં તીર્થંકરોની દૃષ્ટિ એવી સંકીર્ણ નથી કે એમણે સાધુવર્ગ સિવાય કોઈ પણ ગૃહસ્થને સુપાત્ર નહિ ગણીને દાન આપ્યું ન હોય. એમણે તો પોતાના ગૃહસ્થવર્ગ ઉપરાંત સમસ્ત જગતના સુપાત્ર ગૃહસ્થોને દાન આપ્યું છે.

કેટલાક લોકો ઉત્કૃષ્ટ સુપાત્ર એટલે કે સાધુવર્ગને જ દાન દેવાનું વિચારે છે. પરંતુ સાધુવર્ગનો સુયોગ સહુને સદાકાળ મળતો નથી, કારણ કે સાધુવર્ગ તો અપ્રતિબદ્ધવિહારી હોવાને કારણે વિચરણ કરતો હોય છે. તેઓ જે સ્થળે ચાતુર્માસ કરે એ નગર કે ગામને જ એનો લાભ મળે છે. આથી કોઈ પણ સુપાત્ર મળે અથવા પાત્ર પણ મળે તો એને દાન આપવાનું ચૂકવું નહીં. દીન, દુ:ખી, પીડિત, સંકટગ્રસ્ત કે ભૂખ્યા માનવીઓ-આ બધા જ અનુકંપાપાત્ર છે. એમને યથાશક્તિ દાન આપીને અથવા તો ઓછામાં ઓછું વાણી દ્વારા પણ આશ્વાસન આપીને દાનની ધારા અખંડ વહેતી રાખવી જોઈએ. જે ઘરમાંથી આવો અખંડ દાનપ્રવાહ વહે છે ત્યાં ક્યારેક ઉત્કૃષ્ટ અને મધ્યમ સુપાત્રનો સંયોગ થઈ જાય છે.

એક રાજા હતો. એક વાર એની હથેળીમાં ઝેરી ગૂમડું થયું. આને માટે બધા જ ઉપાય અજમાવી જોયા, પરંતુ રોગ મટ્યો નહિ, બલ્કે એના જાનનું જોખમ ઊભું થયું. રાજાએ કોઈ અનુભવી વૈદ્યને પૂછ્યું. તો વૈદ્યે કહ્યું :

''જો રાજહંસ આવીને તમારા ઝેરી ગૂમડા પર ચાંચ મારે તો એ ફૂટી જશે અને તમે સ્વસ્થ થઈ જશો''

સવાલ એ હતો કે માનસરોવરમાં રહેનારા રાજહંસને લાવવો ક્યાંથી? મંત્રી બુદ્ધિશાળી હતો તેથી એણે વિચાર્યું કે રાજાને ત્યાં રોજ પક્ષીઓને દાણા નાખવામાં આવે છે. જો એ દાણાની સાથે મોતી નાખવામાં આવે તો કવચિત્ ઘૂમતા ઘૂમતા રાજહંસ પણ પોતાના ખોરાક માટે પક્ષીઓની સાથે અહીં આવી પહોંચે. જો મોતી નાખવાથી રાજહંસ આવે તો રાજાએ છતના કાણામાં હથેળી ટેકવી દેવી અને રાજહંસ મોતીના ભ્રમમાં ગૂમડાને પણ ચાંચ મારશે. આમ કરવાથી રાજાનું ઝેરી ગૂમડું ફૂટી જશે.

મંત્રીની યુક્તિ મુજબ સઘળી વ્યવસ્થા કરવામાં આવી. રાજા છતના કાણામાં પોતાની હથેળી ટેકવીને ઊભો અને છત પર સફેદ જુવારના દાણાની સાથે મોતી પણ વિખેરી દીધાં હતાં. એક દિવસ બીજાં પક્ષીઓની સાથે રાજહંસ પણ અહીં આવી ચડ્યો. બીજાં મોતીઓની સાથે રાજાની હથેળીમાં થયેલા નાનકડા સફેદ ગૂમડાને મોતી માનીને જ રાજહંસે ચાંચ મારી, જેનાથી ગૂમડું ફૂટી ગયું અને વેદના ઓછી થઈ.

રાજહંસની માફક સાધુસાધ્વીરૂપી ઉત્કૃષ્ટ સુપાત્રનો લાભ ત્યારે જ થાય કે જ્યારે વ્યક્તિ પોતાના ઘરમાં મધ્યમ અને જઘન્ય સુપાત્રો અને કરુણાયોગ્ય પાત્રોને નિરંતર દાન આપતી હોય. જેવી રીતે અન્ય પક્ષીઓ સાથે રાજહંસ રાજાને ત્યાં આવી પહોંચ્યા એવી જ રીતે અન્ય સુપાત્ર કે પાત્રોની સાથે રાજહંસ સમાન ઉત્કૃષ્ટ સુપાત્ર પણ ક્યારેક તો અવશ્ય આવશે જ અને ગૃહસ્થનું દ્વાર ખુલ્લું હોવાથી સાધુવર્ગરૂપી રાજહંસ એમના મોહમમત્વરૂપી ગૂમડાને ફોડવા માટે પણ નિમિત્ત બની શકે છે. 'મનુસ્મૃતિ'માં દર્શાવ્યું છે કે ગૃહસ્થના ઘરમાં પાંચ બાબતને કારણે પ્રતિદિન ઓછા કે વધતા રૂપમાં આરંભ-સંસારંભજન્ય હિંસા થતી રહેતી હોય છે. આ પાંચ ચીજો આ પ્રમાણે છે :

*(ક્રમશ:)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન તાલધ્વજ જૈન તીર્થક્ષેત્ર–તળાજા દેશ-વિદેશના જૈન યાત્રિકો માટે શ્રદ્ધેય છે

**શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભ.નું દેરાસર :–** તાલધ્વજગિરિના સાચાદેવની ટુંકની પશ્ચિમે સ્થપાયેલ ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય દેરાસર છે. દેવવિમાન સમાન ત્રણ શિખરવાળું આ જિનાલય સં. ૧૯૮૦માં તે સમયની જૈન પેઢીના વહીવટમાં બંધાયેલ છે. આજથી સૈકા પહેલાં સવંત ૧૯૫૬ના આસો વદી ૧૫ના રોજ તળાજા નજીક સાંખડાસર ગામના ખેતરમાંથી ખોદકામ દરમિયાન શ્યામ વર્ણના સંપ્રતિ મહારાજના સમયના મનાતા આ ઓજસ્વી પ્રતિમાજીને સં. ૧૯૮૦માં ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના જિનાલયમાં ઉપરના ભાગે મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત કરાયા હતા. ભુગર્ભ દેરાસરમાં આદિશ્વર ભગવાન પધરાવેલ તથા ત્રીજા માળે શિખરજીમાં ચૌમુખજી પધરાવ્યા છે. દેરાસરની ચોકીમાં ધરણેન્દ્ર પદ્માવતી માતાજીની દેરીઓ છે. આ દેરાસરના ગભારા અને રંગ મંડપનું શિલ્પ સ્થાપત્ય કલાની દૃષ્ટિએ અજોડ છે.

**તળાજા શહેરના જિનાલયો :–**તળાજા શહેરમાં સ્થાપિત મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનના ભવ્ય પ્રતિમાજી એક ખેતરમાંથી મળી આવ્યા હતા. તેના ઉપરની નોંધ સં. ૧૮૮૩ના મહા સુદ ૧૩ની છે. તે સમયે તળાજામાં યતિ મહારાજના ચંપાવાળા ઉપાશ્રયમાં આ પ્રતિમાજીને ૧૯ વર્ષ રાખવામાં આવ્યા. ત્યાર બાદ ત્યાં શ્રી શાંતિનાથ ભગવાનનું નૂતન જિનાલય બંધાવી તેની પ્રતિષ્ઠા સં. ૧૯૨૬ના. સુદ ૬ના રોજ યતિશ્રી દલીચંદજી મહારાજના હસ્તે થઈ હતી.

**શ્રી મલ્લિનાથ જિનાલય :–**મૂળનાયક શાંતિનાથ ભગવાનના દેરાસરના પરિસરમાં પૂર્વ તરફના બંગલા તરીકે ઓળખાતાં મકાનમાં ગાંભુથી સં. ૨૦૦૮માં લવાયેલા સાંપ્રતિ મ.ના સમયના શ્રી મલ્લિનાથ ભગવાનના ભવ્ય પ્રતિમાજી સ્થાપિત કરી સં. ૨૦૨૭ના જેઠ સુદ-૨ના તા. ૨૬-૫-૧૯૭૧ના રોજ શ્રી મલ્લિનાથ જિનાલયની પ્રતિષ્ઠા થઈ. આ જિનાલય ઉપરથી પાર્શ્વનાથ ભગવાન તથા નીચે સામેના ભાગે શ્રી ચૌમુખજીનું પ્રતિષ્ઠાપન થયેલ. શ્રી ગૌતમ સ્વામી ભગવાનના જિનાલયની મૂર્તિ પ્રતિષ્ઠા પણ આજ પરિસરમાં સં. ૨૦૫૧માં થઈ હતી.

**જૈન વિદ્યાર્થીગૃહમાં શ્રી શાંતિનાથજી જિનાલય :–**તળાજા નગરમાં જૈન વિદ્યાર્થીઓની સુવિધા માટે જુના રેલ્વે સ્ટેશન પાસેની વિશાળ જગ્યામાં સં.૨૦૧૬માં ભવ્ય વિદ્યાર્થગૃહ બનાવાયું હતું, જેમાં વિદ્યાર્થીઓ માટે પશ્ચિમ તરફના ભાગે સં. ૨૦૨૦માં નૂતન જિનાલયનું શિલા સ્થાપન થયું અને સં. ૨૦૨૩ વૈશાખ સુદ-૧૦ના રોજ આ જિનાલયમાં શ્રી શાંતિનાથ ભગવાનની ભવ્ય પ્રતિષ્ઠા થઈ હતી. જે આજે વિદ્યાર્થીઓ માટે અને શિવાજીનગર તરફ વિકસતા જૈન પરિવારોને દર્શન–પૂજન માટે ભારે સુગમ થઈ પડેલ છે.

**શ્રી તાલધ્વજ તીર્થનો વહીવટ :–**વર્ષો પહેલા તળાજા તીર્થમાં આવતાં યાત્રિકોની આગતા–સ્વાગતા માટે જૈન પેઢી હતી. તે સમયના પેઢીના વહીવટકર્તા શેઠશ્રી કેશવજી ઝુંઝાભાઈની આગેવાની નીચે તળાજાના જૈન શ્રેષ્ઠિઓ દ્વારા જૈન યાત્રિકોની યથાશક્તિ સગવડતા સાચવવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતી હતી. આ પેઢી દ્વારા ગિરિરાજ પર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય દેરાસર બંધાવવામાં આવ્યું હતું અને યાત્રિકોના ઉતારા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટિની સ્થાપના :**—તાલધ્વજ તીર્થોધારક શાસન સમ્રાટ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણા અને શુભ આશિષ સાથે આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં સં. ૧૯૯૮ના શ્રાવણ સુદ ૧ના મંગલ દિને તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટિની સ્થાપના કરવામાં આવી હતી. આ કમિટિનું સુકાન ભાવનગરના શ્રેષ્ઠિવર્ય શ્રીયુત ભોગીલાલ મગનલાલ શાહે સાંભળ્યું હતું. તેમના સાથી તરીકે શ્રી ખાંતિલાલ અમરચંદ વોરા, શ્રી વલ્લભદાસ ગુલાબદાસ શાહ, શેઠશ્રી પુરશોતમદાસ માવજીભાઈ, શેઠશ્રી વિરચંદભાઈ કરશનદાસ વગેરે મહાનુભાવોની ભવ્ય ભાવનાથી આ તીર્થમાં વિકાસને સમ્યક ગતિ પ્રાપ્ત થઈ હતી, આ કમિટિની યશસ્વી સેવાથી તીર્થનો જીર્ણોદ્ધાર, અદ્યતન ભોજનશાળા, નૂતન ઉપાશ્રય, આયંબિલ શાળા, નૂતન જિનાલય, શ્રાવિકા ઉપાશ્રય, સાધના મંદિર, ધર્મશાળા ઉતારો વગેરે ધાર્મિક કાર્યો ઉપરાંત શૈક્ષણિક સુવિધાના વિકાસ માટે વિદ્યાર્થીગૃહનું આલિશાન મકાન અને તેના પરિસરમાં દેરાસરનું નિર્વાણ કરાવ્યું.

શ્રી તાલધ્વજ તીર્થની વિકાસ કુચમાં હાલની તીર્થ કમિટિના ટ્રસ્ટીઓ અને સ્થનિક કમિટિએ અવિરત સેવા આપી વિકાસ જાળવી રાખ્યો છે. દેશ—વિદેશથી આવતાં યાત્રિકો માટે ઉતારા, પૂજન, સેવા, સાધના, યાત્રા, ભોજન સહિત સંપૂર્ણ સેવાયજ્ઞથી પ્રોત્સાહિત થતા શ્રાવક યાત્રાળુ દાન—સખાવતનો પ્રવાહ અવિરત પણે વહાવે છે.

**શાંત રમણીય તીર્થ :**—સૌરાષ્ટ્ર—ગુજરાત ઉપરાંત દેશ—વિદેશના જૈન—જૈનેત્તર યાત્રિકો માટે દરિયા કિનારા નજીક રમણીય ટેકરી પરના ભવ્ય જિનાલયો તળાજા તીર્થની મહતામાં વૃદ્ધિ કરે છે. એટલે જ તાલધ્વજ તીર્થને પુરાતન સમયથી શાંતિનો સંદેશ આપતા સૂત્રમાં જણાવે છે કે :

**श्री तालध्वज तीर्थेश, सत्यदेवाय भावतः।**
**नमः सुमतिनाथाय विश्वशांति प्रदायिने॥**

*સંકલન : જયપ્રકાશ દોશી-બી. કે. રાવળ*
*(સૌરાષ્ટ્ર સમાચાર તા. ૩-૭-૨૦૦૨ની તળાજા વિશેષ પૂર્તિમાંથી સાભાર-જનહિતાર્થે)*

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'આત્માનંદ પ્રકાશ' રૂપી
જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ....

**બી સી એમ કોરપોરેશન**


**(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)**

નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A L A N K A R



PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE

We Support your Back-Bone

ALANKAR FURNITURE


VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR

*With Best Compliments From :*

JACOB ELECTRONICS
PVT. LTD.

Mfrs. Audio cassettes, components
and compect disc Jewel boxes.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsnl.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ❀ કો' મીઠા હૈયાની 'ના' ❀

વાત આમ બની છે.

મુંબઈ શહેરની વાત છે.

કોલસાના એક વેપારીને ત્યાં પોતાની દીકરીનો લગ્ન પ્રસંગ છે.

મહેમાન-પરોણા આવવાના છે.

મહેમાનોની સરભરા સાચવવા માટે ઊતરવા-રહેવાની જગ્યાની સગવડ કરવાની છે.

નજર દોડાવતાં, પોતાની દુકાન સામે જ એક મોટા મકાનમાં પહેલા માળે એક ફ્લેટ ખાલી છે અને આવી રીતે, આવા પ્રસંગે તેઓ વાપરવા પણ આપે છે; એમ જાણવા મળ્યું. માલિક તો હૈદ્રાબાદ રહેતા હતા. સ્થાનિક દેખભાળ બાજુના ફ્લેટવાળા રાખતા હતા. સામાન્ય પરિચય હતો. એમની સાથે વાત કરી લઈએ એમ વિચાર્યું.

ફોન કરી પૃચ્છા કરી. સમય માંગીને મળવા ગયા.

બેલ સાંભળી બારણું ય ખુલ્યું. આવકાર મળ્યો. બેસાડ્યા.

ચા-નાસ્તો ધરી ઉચિત સ્વાગત થયું. પછી, આવવાનું પ્રયોજન પુછાયું.

કહ્યું, 'ઘરે લગ્ન પ્રસંગ આવે છે. મહેમાનોને ઉતારા માટે બે દિવસ વાપરવા આ બાજુનો ફ્લેટ જોઈએ છે.'

જવાબ મળ્યો, 'તેઓ હૈદ્રાબાદ રહે છે. ચાવી અમને સોંપી છે; પણ છેલ્લા બે-ત્રણ પ્રસંગોએ એવો અનુભવ થયો છે કે, હવેથી તેઓએ આપવાનું બંધ કર્યું છે. માટે અમે આપને ફ્લેટ વાપરવા આપી શકતા નથી.'

રજૂઆત બહુ જ વ્યવસ્થિત અને સરળતાભરી હતી તેથી માત્ર, 'ભલે. અમને એમ કે આ જગ્યા મળે તો પ્રસંગે અનુકૂળતા રહે માટે આપની પાસે આવ્યા હતા.' એમ કહીને ઊભા થયા.

તે જ વખતે ઘરની પુત્રવધુ હાથમાં શ્રીફળ લઈને આગળ આવ્યા અને મહેમાન વેપારીને અર્પણ કરવા લાગ્યા. આવનાર ભાઈએ એ ન લેવાનો ભાવ પ્રદર્શિત કર્યો, 'આ શા માટે ?' એમ પ્રશ્ન પણ કર્યો. ભાઈ બોલ્યા, 'તમે અમારી ત્યાંથી કંઈક લેવા આવ્યા હતા. તમને જોઈતું તો અમે આપી ન શક્યા, તો આટલું તો અમારું સ્વીકારો. અમારે આપને કંઈક તો આપવું જોઈએ.'

ભાવથી ભીંજાયેલા આ અલ્પ શબ્દોએ અસર કરી. શ્રીફળ સ્વીકાર્યું.

દાદરાના પગથિયા ઊતરતાં ઊતરતાં કોલસાના વેપારી ભાઈના મનમાં ફ્લેટ ન મળવાની જે ચચરાટી થઈ હતી, તેના ઉપર જાણે શીતળ લેપ કરવામાં આવ્યો હોય તેવું લાગ્યું. મન વિચારે ચડ્યું:

શું 'ના' પણ આટલી મીઠી હોઈ શકે છે ? આપણે તો પ્રસંગે 'ના' કહીએ છીએ તો મોટેભાગે તે કેટલી લુખ્ખી-સૂક્કી હોય છે ! વળી ક્યારેક તો દંભના રેશમી કપડાંમાં લપેટેલી હોય છે ! પણ આવી મીઠી 'ના' તો પહેલી વાર સાંભળી ! મનને વાગે એવી ઠેસ પહોંચાડે તેવી 'ના' તો ઘણી મળી છે, પણ આવી 'ના' સાંભળ્યા પછી તો શીખવા મળ્યું કે ના પાડવાનો પ્રસંગ આવે તો આવી 'ના' પાડવી જોઈએ.

જુવાનીયાઓને હોઠે ચડેલી પેલી પ્રસિદ્ધ પંક્તિ પણ આ જ ભાવને પ્રગટ કરે છે ને !

હું ક્યાં કહું છું-"મારી બધી વાતમાં 'હા' હોવી જોઈએ,

પણ 'ના' કહેતાં તેમને વ્યથા હોવી જોઈએ."

'ના' પણ કોઈને સાંભળવી ગમે એવી હોઈ શકે ? હા, હોઈ શકે. આવી 'ના' પણ સાંભળવી જરૂર ગમે, પણ એવી 'ના' કહેવા માટે હૈયું મીઠું હોવું જોઈએ.—એ મેળવવીએ.

*—પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ. સા.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડીસેમ્બર : ૨૦૦૨ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

विराड्ब्रह्माण्डशक्त्यग्रे न स्मस्तृणसमा अपि ।
अत्यल्पे तदहंकारीभवनं मौर्ख्यमुत्कटम् ॥

卐

વિરાટ્ બ્રહ્માંડની વિરાટ્ શક્તિઓ આગળ આપણે તૃણમાત્ર પણ નથી. કેટલી પામર હાલત આપણી! છતાં અતિઅલ્પ પ્રાપ્તિમાં અભિમાન કરવો એ મૂર્ખાઈ નહિ તો શું? ૨૩.

卐

Before the supreme powers of the Brahmanda we are not even like a blade of grass. So it is, indeed, much foolishness of ours to be arrogant over a very little or very scanty thing. 23

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬, ગાથા-૨૩, પૃષ્ઠ-૧૧૮)*

卐

પ્રતિ,

FROM :
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only